R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 10 • PAGES : 40 • MUMBAI • DATE : 20TH MARCH 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા








# AATMARAKSHA

IT'S TIME TO BE YOUR OWN

## HERO

Celebrating Women's Day

With Self Defense Technique For Day To Day Life

at Three Different Spots with over 100 enthusiastic participants from all over Mumbai







શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

**Shree K.D.O. Students Association**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

Congratulation To Elected Members of

## MANAGING COMMITTEE

YEAR 2021 - 2023

- Shri. Meet Sanjay Meisheri
- Shri. Ashwin Shantilal Lodaya
- Shri. Chirag Prakash Lodaya
- Shri. Ujwal Piyush Lodaya
- Shri. Umang Manish Lodaya
- Shri. Mohit Anil Lapasiya
- Shri. Paras Mayur Dharamshi
- Shri. Jainam Nitin Nagda
- Ku. Miral Sachin Dand
- Ku. Kajal Dilesh Dhrol
- Ku. Krisha Nitin Sayla

Shri. Bharat S Chheda
Election Commissioner

Follow us on #SHREEKDOVS

## લગ્ન વિષયક



**Dr. AMOL TARUN SHAH (Shiyal)**
DOB : 03/02/1990
TIME : 9.28 AM
PLACE : DHAMTARI
(CHHATTISGARH)
Hight : 6 Feet Weight : 68 Kg.
Complexion : Fair
Hobbies : Music, Travelling
Native Place : Jakhau Kutch
Vasti patrak No. : JKSLO401604

**Education : BDS DENTIST**

**Occupation : Own Dental Clinic**

**Family :**
Father : Tarun Premji Shah(Retired From SBI Bank)
Mother : Late Smt.Yashodhara Tarun Shah
Elder Sister : Dr. Hemal Vikrant Ghore
**Paternal :** Dada/Dadi - Lilavanti Premji Hansraj Shah (Shial), Dhamtari Chhattisgarh, Kutch - Jakhau
**Maternal :** Nana/Nani - Chandan Ben Jivraj Kanji Lodaya Beed Maharashtra Kutch Sindhodi - Moti
**Contact :** Mob. No. 9425214799 / 9131735588

## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. પ્રવીણજી ગોવિંદજી (લક્ષ્મીચંદ) લોડાયા**
હાલ : જલગામ, ગામ : બારોઈ
જન્મ તારીખ : ૧૩-૧૧-૧૯૫૨
અરિહંત શરણ : ૦૧-૦૪-૨૦૨૦

પરિવારમાં વાત્સલ્યના શબ્દો પર ઊભી ઈમારત આદર્શોની, સંસ્કારની સૌરભ ફેલાવી દીધી, પ્રેમ અને અંતરના ગુણોની, સંસારમાં પોતે વૈભવના બદલે સુઘડતા પસંદ કરી, સંતુષ્ટ બની સંપત્તિવાન કરતા જીવનમાં સુખની સમૃદ્ધતા પસંદ કરી શાંતચિત્ત રહી પુરુષાર્થથી જીવન વિતાવી દીધું. નિખાલસ વૃત્તિથી હિંમત રાખી, પ્રેમે જીવન ઝળકાવી દીધું. અભિમાનથી દૂર રહી સ્વાભિમાનથી જીવન જીવવું સમજાવી દીધું. ભાઈ - બહેનના સમસ્ત પરિવારને હેતના સંસ્કારોથી ઓપાવી દીધું. નમ્રતા - વિનયતાથી સુખ -દુઃખમાં સમભાવે રહેવું જતાવી દીધું. દરેક પરિસ્થિતીને હિંમતથી કેમ જીતવી એ શિખવાડી દીધું. પ્રેમ અને શોભાની અભિવ્યક્તિ હતા તમે, સફળતમ વ્યક્તિત્વની અદશ્ય શક્તિ હતા તમે. પ્રભુની "સાધના" એ જ આ જીવનનો કિનારો છે. પરંતુ હવે તો બસ સુના જીવનમાં આપની યાદોનો જ સહારો છે. બસ અંતરની એ જ પ્રાર્થના છે કે, પ્રભુ આપની આત્માને ચિરશાંતિ આપે.

**શોકાતુર**

માતા - પિતા : સ્વ. કસ્તુરીબાઈ લક્ષ્મીચંદ લોડાયા (બારોઈ)
સાસુ - સસરા : સ્વ. મીઠીબાઈ વીરચંદ કુંવરજી મોતા (પટેલ) (તેરા)
પત્ની : ગં.સ્વ. મોહિની પ્રવીણ લોડાયા
વહુ - દિકરો : મયુર - સૌ. કનિકા (જલગામ)
દિકરી - જમાઈ : સૌ. કિરણ (ગુડ્ડી) અમીશ દીપક પોલડિયા (ભુસાવલ)
પૌત્ર - પૌત્રી : ખુશાંગ, માહિકા

દોહીત્ર : ધૈર્ય, જયમ
જેઠ - જેઠાણી : ગં.સ્વ.ભારતી બેન ઈન્દ્રકુમારભાઈ લોડાયા (વડોદરા)
જેઠ - જેઠાણી : ગં.સ્વ.ઉષાબેન બિરેન્દ્રભાઈ લોડાયા (વડોદરા)
બહેન - બનેવી : સ્વ. દુલારી બેન હરીશભાઈ મૈશેરી (મલકાપુર)
બહેન - બનેવી : અ.સૌ.નીલમબેન ઉમેશ પોલડિયા (ઘાટકોપર)

**સમસ્ત શ્રી મુલજી દેવજી લોડાયા પરિવાર - બારોઈ**
**તેમજ વેવાઈ સ્વ. મીઠીબાઈ વીરચંદ કુંવરજી મોતા (પટેલ) સમસ્ત પરિવાર - તેરા**

**જય જિનેન્દ્ર**

તંત્રી સ્થાનેથી

# ચલો, માદરે વતન કચ્છ

– ડૉ. હીરાચંદ દંડ - 7738508150



પ્રકાશ સમીક્ષાના  આ અંકમાં આપણી જ્ઞાતિના લેખક શ્રી રમેશ મુલજી લોડાયા – ભરૂડીયા (મુલુંડ) દ્વારા લખાયેલ વતનનો સાદ ભાગ સાત વાંચવા મળશે અને અહીં આ લેખમાળા પૂર્ણ થશે. રમેશભાઈને ક. દ.ઓ. જ્ઞાતિ વિશે પણ ઉંડુ જ્ઞાન છે અને તેમણે તે વિષયે આ અગાઉ પ્રકાશ સમીક્ષામાં અનેક વિષયો ઉપર લેખો લખ્યા છે. તેમને કચ્છ માટે વિશેષ લાગણી છે એટલે ખૂબ વ્યસ્ત હોવા છતાં પણ મારી વિનંતીને માન આપીને વતનનો સાદ લેખમાળા લખી. જે ખૂબ જ માર્ગદર્શક બની રહી. તેમણે આ લેખો માટે માહિતી મેળવવા ઘણો પરિશ્રમ કર્યો હતો એટલે જો તેમના લેખોને ધ્યાનથી વાંચીશું તો મહાનગરોની દોડધામથી છુટકારો મેળવી, શાંતિપૂર્ણ તથા આરોગ્યપ્રદ જીવન માટે કચ્છમાં સ્થાયી થવા માટે ખૂબ જ સુંદર માર્ગદર્શન મળી રહેશે. પ્રકાશ સમીક્ષાના તંત્રીમંડળ વતીથી શ્રી રમેશભાઈ લોડાયાનો આભાર માનું છું. શ્રી રમેશભાઈના સાત લેખો (વતનનો સાદ) વાંચવા વિનમ્ર વિનંતી.

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા – રંગપુર (કોઈમ્બતુર) એ કચ્છમાં સ્થાયી થવા ઈચ્છતા જરૂરતમંદ જ્ઞાતિજનોને સહાયરૂપ થવા માટે ઉંડો રસ દાખવ્યો છે અને  શ્રી રમેશભાઈને 'વતનનો સાદ' લખવા નિમંત્રણ આપવા માટે તેઓ જ મારા માટે પ્રોત્સાહક બન્યા હતા એની નોંધ લઉં છું. કાંતિલાલભાઈ આપનો આભાર. શ્રી કાંતિભાઈએ હાલારના દરેક ગામમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ સ્થાયી થાય એ માટે સહાયતાની તૈયારી દર્શાવી છે. સ્થાયી થવા ઈચ્છનારને તેઓ નોકરી – ધંધા માટે વ્યાજબી દરે રહેઠાણ મેળવવા તથા અન્ય જરૂરી હોય તે માટે મદદરૂપ થશે. આવી જ રીતે શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – ભાંડુપ (સુજાપુર)એ પણ સુજાપુરમાં એક પરિવારને સ્થાયી થવા માટે મદદરૂપ થવા તેમની ઈચ્છા દર્શાવી છે.

તો હવે પછી શું ? ભૂતકાળમાં આપણી જ્ઞાતિના અનેક આગેવાનોએ જ્ઞાતિજનોને કચ્છમાં વસાવવા પ્રયત્નો કર્યા હતા પરંતુ તેઓ અસફળ રહ્યા હતા. પરંતુ હવે સમય–સંજોગ બદલાયા છે. રમેશભાઈના લેખનો સાતમો ભાગ જરૂર વાંચજો. કચ્છમાં ઘણો બધો વિકાસ વિવિધ ક્ષેત્રે થઈ રહ્યો છે તથા અનેક તકો પણ ઉપલબ્ધ થઈ છે તે તમે સમજી શકશો. ઓછા દરની લોન મળે છે તથા ખેતી માટે નજીવા ભાડાપટ્ટે જમીન પણ મળી શકે છે. અનેક ક્ષેત્રે વેપાર ધંધો શરૂ કરવાની તકો ઉપલબ્ધ છે અનેક નોકરીઓ આપણી રાહ જુએ છે. એથી વધુ શ્રી કાંતીલાલભાઈનું વિશાળ હૃદય હાલારમાં ઓછામાં ઓછા સાત પરિવારોને સ્થાયી કરવા ઈચ્છુક છે. વૈચારિક કોચલામાંથી બહાર આવી કચ્છ–હાલારમાં સ્થાયી થવાની તક ઝડપી લેવા વિનમ્ર વિનંતી.

આપણા જ્ઞાતિ આગેવાનોએ આ માટે હવે શું કરવું જોઈએ ? તેમણે આગળ આવીને આપણી જ્ઞાતિના ભાઈ બહેનોને અગવડભર્યા રહેઠાણો તથા ઓછી આવકના નોકરી ધંધામાંથી બહાર લાવવા જોઈએ. બધા મહાજનો અને શ્રી સમસ્ત મહાજને સાથે મળીને કચ્છમાં સ્થાયી થવા ઈચ્છુક જ્ઞાતિના ભાઈ બહેનો માટે કાર્ય કરવું જોઈએ. આ કાર્ય સમગ્ર ભારતના સ્તરનું છે એટલે બધા મહાજનોએ એકત્રિત થઈ એ દિશામાં આગળ વધવું જોઈએ. જ્ઞાતિજનો આર્થિક રીતે સમૃદ્ધ હશે તો તેમને શિક્ષણ કે આરોગ્ય માટે જ્ઞાતિ પાસેથી મદદની જરૂર જ નહિં પડે. તમે જ્ઞાતિ સંસ્થાઓ છો, જ્ઞાતિજનોના માઈ–બાપ છો હવે તો જાગો, નહિ તો ઘણું મોડું થઈ જશે.

સાથે સાથે આપણી જ્ઞાતિના આગેવાન ઉદ્યોગપતિઓએ પણ પોતાના ઉદ્યોગોનો કચ્છમાં વિકાસ કરવો જોઈએ જેથી ક.દ.ઓ.ને કચ્છમાં નોકરી ધંધો મળી શકે અને તેઓ વિશ્વાસપૂર્વક કચ્છમાં સ્થળાંતરીત થાય. જ્ઞાતિજનોમાં વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવું એ મહત્વનું છે. તેમને કચ્છમાં સ્થાયી થવા માટે નોકરી ધંધાની ચોક્કસતા, મદદ તથા વિશ્વાસની જરૂર છે.

પ્રકાશ સમીક્ષા 'ચલો કચ્છ' મિશનને ટેકો આપે છે તથા સમયે સમયે જરૂરી માહિતી તથા સમાચારો પ્રકાશિત કરતું રહેશે.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**વૉલ્યુમ : ૦૧, અંક : ૧૦, તા. ૨૦-૦૩-૨૦૨૧**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
શ્રી હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**વિચાર વર્તુળ**

# વતનનો સાદ – ભાગ ૭

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ

મો.: **98203 36767**



આગળનાં લેખોમાં સુખી, શાંત, પ્રકૃતિને ખોળે, આત્મનિર્ભર જીવન જીવવું હોય તો કચ્છમાં આધુનિક બાગાયતી ખેતી, ડેરી-પશુપાલન, પ્રવાસન, પરિવહન, કુટિર અને નાના ઉદ્યોગો વિકસાવવાની અને ફરી કચ્છમાં વસવાટની તકોની માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.

દેશમાં ફરી એક વાર કોરોના વાયરસનો ખતરો વધી રહ્યો છે. રોજ સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. ઘણાના નોકરી, વ્યવસાય તૂટી ગયા છે. ઓછી કમાણી કે બેકાર સ્થિતિમાં મુંબઈ જેવા શહેરમાં રહેવું કઠિન થઈ ગયું છે. આવનારો સમય પણ બહુ સારો નથી દેખાઈ રહ્યો. અહીં દુઃખમય જીવન જીવવા કરતાં બહેતર જીવન કચ્છમાં જીવી શકાય છે.

સહાયનો પ્રવાહ લગભગ બંધ થઈ ચૂક્યો છે. સહાય કરનારાઓએ આટલો લાંબો કઠિન સમય ચાલશે તેની કલ્પના નહીં કરી હોય. વળી એમના ટાંચા સાધનોથી સહાય ચાલુ રાખવાનું મુશ્કેલ બન્યું હોય. જો કે આપણે ક્યાં સુધી બીજાની સહાય પર પરાવલંબી જીવન જીવતા રહીશું?

કચ્છ હવે પહેલાં જેવું પછાત રહ્યું નથી. ઈતિહાસ કહે છે ભયંકર આપત્તિમાંથી જે સ્થાન બેઠું થાય તે વધારે પ્રગતિ કરે છે. સને ૨૦૦૧માં રિક્ટર સ્કેલ પર ૭.૭ ની તીવ્રતાવાળો ભૂકંપ, ૨૨૦૦૦ મોત, ૪ લાખ મકાનો ધ્વંસ, ૬ લાખ બેઘર કચ્છનાં ખમીરને હણી નથી શક્યો. ખમીર અને ખંત માટે વખણાયેલી પ્રજાએ ૨ દસકામાં તો કચ્છની તાસીર બદલી નાખી છે.

રણોત્સવ જેવા કાર્યક્રમોએ પ્રવાસન ઉદ્યોગના દરવાજા ખોલી નાખ્યા છે. કચ્છનાં કડિયા ધ્રો (નખત્રાણા)ના કરોડો વર્ષ જુના ખડકો વિશ્વના ફરવા લાયક સ્થળોમાં સ્થાન મેળવતા પ્રવાસનને હજુ ખૂબ વેગ મળશે. ટુરીઝમ, વિકસતા કચ્છની હસ્તકલા, ભરતકામ, વણાટકામની સારી માંગ થઈ છે.

બાગાયતી ખેતીમાં ખૂબ ક્રેઝ વધ્યો છે, કેરી, ખારેક, દાડમ અને ડ્રેગન ફ્રૂટની ખેતી મોટે પાયે થવા માંડી છે, તો પ્રગતિશીલ ખેડૂતો સફરજન, દ્રાક્ષ, લીચી, સ્ટ્રોબેરી જેવાં ઠંડા પ્રદેશના પાકોનું ઉત્પાદન કરવા લાગ્યા છે, કાજુ, સાગવાન અને ચંદનના વાવેતર શરૂ થયા છે. કચ્છનાં ખેડૂતો ગાય આધારિત ઓર્ગેનિક, ટેકનોલોજી આધારિત ખેતી અને એગ્રિકલ્ચર એન્જિનિયરની મદદ લેતા થયા છે. ખેતી આજે કમાણી કરતો વ્યવસાય બની ગયો છે.

બંદરની કામગીરી સુધરી છે. મુન્દ્રા બંદર ઝડપથી વિકસ્યું છે. મુંદ્રા-મુંબઈ પેસેન્જર જળમાર્ગ શરૂ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે જેથી નજીકનાં ભવિષ્યમાં ૪૦૦૦ જેટલાં લોકો ૮ કલાકમાં આ મુસાફરી કરી શકશે. કચ્છ વધુ નજીક થઈ જશે.

ભુજ-નલિયા રેલ્વે ગેજ રૂપાંતર કામ વેગ પકડી રહ્યું છે. નલિયાથી વાયોર - કોટેશ્વર અને ત્યાંથી સીધા પાલનપુર સુધીની રેલ સેવા વિચારણા હેઠળ છે. એશિયાનું સૌથી મોટું વિન્ડ ફાર્મ માંડવીમાં અને વિશ્વનું સૌથી ઊંચું હાઈબ્રીડ વિન્ડ ટર્બાઈન અભ્યાસમાં આવેલ છે. ગામડામાં ૨૪ કલાક વીજળી સુવિધા છે. સિંગાપોર જેવડાં કદનું મોટો સોલાર પાર્ક કચ્છમાં બની રહ્યો છે.

કચ્છને જળ સમૃદ્ધ કરવાનાં પ્રયત્નો થઈ રહ્યા છે. નર્મદાના નીર વધુ વિસ્તારમાં પહોંચાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. માંડવી ખાતે ડિસેલીનેશન (દરિયાઈ પાણી શુદ્ધિકરણ) પ્લાન્ટનું શિલા સ્થાપન થઈ ચૂક્યું છે.

સંપૂર્ણપણે ઓટોમેટિક મિલ્ક પ્રોસેસિંગ અને પેકિંગ પ્લાન્ટ શરૂ થતાં ડેરી ઉદ્યોગને મોટો વેગ મળશે. અનેક મોટા ઉદ્યોગો આવતાં નોકરી રોજગારીની તકો કચ્છમાં હવે ઘણી ઉજળી બની છે જેથી શિક્ષિત લોકો માટે પણ કચ્છમાં સ્થિર થવું આસાન બન્યું છે. કચ્છને યુનિવર્સિટી મળતા હવે એન્જિનિયરિંગ તેમજ તબીબી અભ્યાસ કચ્છમાં જ કરી શકવાની સગવડ થઈ છે.

કચ્છમાં રહેલી વિકાસની તકોને પીછાણી પરપ્રાંતિય લોકો તેનો ફાયદો લઈ કચ્છને પોતાનું વતન બનાવી ચુક્યા છે, પરંતુ આપણે હજુ પુરતા સજાગ બન્યા નથી. કચ્છ જેની નસ નસમાં ધબકે છે એવા કચ્છી માડુને પાછા ફરવા વતનનો સાદ સંભળાય છે કે કેમ ?

જૈન યૂથ ફોરમ, મુંબઈ '' યુ ટર્ન ટુ કચ્છ '' અભિયાન દ્વારા મુંબઈમાં વસતા નોકરી ગુમાવેલ, જેનાં ધંધા બંધ થઈ ગયા હોય, પૂરતી કમાણી ન હોય તેવા કચ્છીયો જે કચ્છમાં આત્મનિર્ભર, શાંત, અને સુખી જીવન જીવવા માંગતા હોય તેવા પરિવારોને ઘર, વ્યવસાય/રોજગાર, શિક્ષણ, મેડિકલ અને લોન મેળવવા મદદ કરી રહ્યા છે.

(સંપૂર્ણ)


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

અતીતની અટારીએથી

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૪)''

સોમ ધરમશી
મો. 97267 76627



(ગતાંકથી ચાલુ...)

ધીમે ધીમે રમુજી શબ્દોનાં જોડકણાં સાથે મેડમ કુરિયન એક પછી એક અંક ડબ્બામાંથી બહાર કાઢતી હતી અને મોટી બેનની ટિકીટ માં બે કે ત્રણ અંક જાહેર થાય એટલે બન્ને ટિકીટમાં એક અંક તો નીકળતો જ હતો.

મારા મનમાં નિરાશાનું વાદળ ઘેરાવા લાગ્યું. નશીબ મને યારી નહોતું આપતું. મારી ટિકીટમાં અત્યાર સુધી ફક્ત ત્રણ અંકો પર જ નિશાન થયા હતા. મંઝિલ ઘણી દૂર લાગતી હતી.

અને મેડમે અંક જાહેર કર્યો વન થ્રી-૧૩ અને મોટી બેન તરત જ પોતાની એક ટિકીટમાં નિશાની કરી વિજયપતાકા ફરકાવતી હોય તેમ ટિકીટને ફરકાવતી સ્મિત કરતી ઉભી થઈ ગઈ. મેડમે બેન પાસેથી ટિકીટ લઈ, ટેબલ પર મુકેલા એક કાગળ સાથે સરખાવી, ''મોટી''ને વિજેતા જાહેર કરી પ્રથમ ઈનામ તરીકે સ્ટીમરનાં પ્રતિકરૂપી મોમેન્ટો અને ઈનામનું કવર કેપ્ટનનાં હાથે એનાયત કરાવ્યું...

ધીમે ધીમે અંકો નીકળતા ગયા - રમત પુરી થઈ- હું ખિન્નવદને ''મોટી'' સાથે રૂમમાંથી બહાર આવી પગથિયા ઉતરી નીચે આવ્યો.

નીચે લોકો સુવાની તૈયારીમાં હતા. તો કેટલાક પાનાની રમત રમવામાં મશગુલ, તો કેટલાક વાતોનાં ટોળટપ્પા મારવામાં. દૂર તુતક પાસે એક તિલકધારી - દાઢીવાળા ભજનીક એક તારા સાથે ભજન ગાવામાં મશગુલ હતા. તેમની આજુબાજુ સાંભળનારાઓનું એક વર્તુળ રચાઈ ગયું હતું. તેમનો કંઠ મધુર હતો અને ઉચ્ચાર સ્પષ્ટ. તેમના ભજનના શબ્દો તો આજે યાદ નથી, પણ લયમાં દરેક અંતરાની પાછળ ''હોજી'', ''મેરે લાલ'' ગાતા હતા એવું ઝીણું ઝીણું સ્મરણપટ પર નોંધાયેલું છે.

હાઉસી રમતમાં મને ઈનામ પ્રાપ્ત ન થતાં, ખિન્નવદને હું મારા માતુશ્રી પાસે આવી નિંદ્રાદેવીના સ્વાગતની તૈયારી કરવા લાગ્યો. મને અચાનક યાદ આવ્યું કે સાંજના ચોવિહાર વખતે મને ઓછી ભુખ હોવાથી મારું અડધું પેટ ખાલી જ હતું. મને સ્ટીમરમાં ''ફેર'' ન ચડતા હોવાથી ઉલ્ટી થવાની કોઈ નિશાની જણાતી ન હતી. તેથી ઉભળક થઈ મેં માતુશ્રીને ખાવાની ઈચ્છા દર્શાવી.

પાસે પડેલા થેલા માંથી એક ડબ્બો બહાર કાઢી તેમાંથી ચુરમાનો એક લાડુ હાથમાં પકડાવી, કાળજી દર્શાવતા માતુશ્રી ઉવાચ ''હવે વધુ ખાવાનો નહીં - સવારના માંડવી પાસે દરિયો ડોલમડોલ હોય છે, અને ઘણાને ફેર ચડે છે માટે પાણી પી સુઈ જા.'' મોટી બેને ટાપસી પુરાવી ''દાંત સાફ કરી - વ્યવસ્થિત મોઢું ધોઈ લેજે - નહીં તો દાંત સડી જશે.''

માતાજીને વાતોમાં મશગુલ જોઈ, એક લાડુ પેટમાં પધરાવી, ધીમેથી લાડુના ડબ્બાનું ઢાંકણ ખોલી, એક વધુ લાડુને સરકાવી પેટમાં ''ઑઈયા'' કરાવી દીધું - સવારનાં ઉલટીઓ થશે ત્યારે જોયું જશે - ચાદર ઓઢી - પ્રથમવાર કચ્છ જોવાનાં, દાદાજીને મળવાનાં સપના જોતો જોતો નિંદ્રાદેવીને સ્વાધિન થઈ ગયો કે વહેલી પડે સવાર.

સવારના લગભગ છ વાગે આંખ ખુલ્લી તો પ્રથમ અવનવું જ લાગ્યું. સ્ટીમર અત્યારે વધુ હાલક-ડોલક થાતી હતી. પ્રસાધન રૂમ તરફની અવર-જવર વધી ગઈ હતી. સ્ટીમરની કેન્ટીનવાળા ફેરીયા ''ચાય-ગરમ ચાય''ની હાંક મારી રહ્યા હતાં. તુતક પાસે બેઠેલા દાઢીવાળા ભજનીક એક તારા સાથે આ બધી ગતિવિધિઓથી બેફીકર ભજન ગાવામાં મશગુલ હતા. પણ હાલમાં તેમની પાસે શ્રોતાઓની સંખ્યા ગઈકાલ કરતા નહીંવત હતી. મોટી બહેને આરીસા સામે મોં રાખી પોતાના વાળ ઓળવામાં વ્યસ્ત હતી. માતાજી સામાન ભેગો કરી ગોઠવવામાં અને અચાનક...

અચાનક મારા પેટમાં આંટી પડવા લાગી. બેઠો થઈ મેં બાથરૂમ તરફ જવાની ઈચ્છા દર્શાવી. મોટી બહેને દાંતિયો વાળમાં ખોસી, મારો હાથ પકડી મને ઝડપથી બાથરૂમ તરફ ખેંચી ગઈ. બાથરૂમમાં પ્રથમ આવેલ વૉસબેસીનમાં જ મેં ધધકાવ્યું.

મારી સાથે બીજા કેટલાકને પણ ફેર ચડતા હોવાથી તેઓ પણ વારાફરતી વમન ક્રિયામાં જોડાવા લાગ્યા. બે-ત્રણ ઉલટી થયા બાદ મને લાગ્યું કે મારું પેટ સાવ ખાલી થઈ ગયું છે. અને સ્ટીમરની ગતિ પણ ધીરે ધીરે મંદ પડવા લાગી. માંડવી બંદરને આવવાને હજુ વાર હતી. તેથી લાડુ ખાવાની ફરીથી ઈચ્છા થઈ પણ ઉલટીના ભયે દબાવી દીધી. (વધુ આવતાં અંકે...)

॥ નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે ॥ ॥ વર્ષીતપના પ્રણેતાશ્રી આદિનાથાય નમઃ ॥ ॥ અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ॥

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪



રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા
અજોડ શાસનપ્રભાવક સળંગ ૧૮મા વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ. **શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી** મ.સા.
જ્યોતિષાચાર્ય, પ.પૂ.આ.ભ. **શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી** મ.સા., આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. **શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
તથા સમસ્ત અચલગચ્છીય શ્રમણ–શ્રમણી વૃંદ



## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ આયોજીત

## શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ ના સથવારે...

વિ.સં. ૨૦૭૭ ચૈત્ર સુદ ૧૧, ગુરૂવાર, તા. ૨૨-૦૪-૨૦૨૧ ના માટુંગા મુકામે
ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામિ ની ૭૮મી પાટે બિરાજમાન થનાર
સમગ્ર ભારતભરમાં અને મુંબઇના દરેક પરામાં વિચરણ દ્વારા જિનાલય/ઉપાશ્રયના પ્રેરક અને અનન્ય ધર્મજાગૃતિ લાવનારા ઉપકારી પૂજ્ય ગુરૂભગવંતશ્રી...

સાહિત્ય દિવાકર, અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના




## સુધર્મા પાટોત્સવે રૂા. ૨,૦૭,૦૦૦/– ના સહયોગી દાતા બની

**અચલગચ્છાધિપતિ પદ પ્રદાન સમયે...ઐતિહાસિક અવસરના સાક્ષી બની...**

1. **અચલગચ્છાધિપતિ પદની ઉદ્‌ઘોષણા**
2. **નૂતન ગચ્છાધિપતિશ્રીને સિંહાસન પર બિરાજમાન કરાવવા**
3. **નૂતન ગચ્છાધિપતિનું પ્રથમ ગુરૂપૂજન કરવું**
4. **નૂતન ગચ્છાધિપતિને કામળી અર્પણ કરવી**
5. **નૂતન ગચ્છાધિપતિશ્રીને સ્થાપનાચાર્યજી વહોરાવવા**
6. **સુવર્ણાક્ષરી સૂરિમંત્રની વિશેષ પોથી અર્પણ કરવી**
7. **નૂતન વાસક્ષેપ બટવો અર્પણ કરવો.**

**જેવા સાત લાભો લક્કી ડ્રો દ્વારા મેળવવા કૃપાપાત્ર બની શકો છો...!!! એટલું જ નહીં**

## રૂા. ૧,૦૦૦/– (એક હજાર) ના લક્કી કુપન દ્વારા...

દરેક સંઘો – નાનામાં નાના ગુરૂભક્ત પણ અનુમોદક દાતા બની, આ મહોત્સવમાં મારૂં પણ
અનુદાન છે, એ ભાવનાને ચરિતાર્થ કરવાની સાથેસાથે નવ દિવસના મહોત્સવ દરમ્યાન
રોજેરોજ નીકળનારા, કુલ્લ ૫૦૦થી વધુ લકકી ડ્રો મારફતે વિભિન્ન અનુષ્ઠાનો,
પૂજનો, સામૂહિક સિદ્ધચક્ર આરાધનાનો લાભ પણ પામી શકશો અને



**પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચનો લાભ**
**તથા સર્વ સાધારણ ખાતાને સધર બનાવવાના નિમિત્ત બનશો એ નફામાં...!!!**

સમગ્ર ભારતભરના કચ્છી–રાજસ્થાની–ગુર્જર–અચલગચ્છીય સંઘો / મહાજનો જેમણે હજી સુધી
રૂા. ૧,૦૦૦/– ની આ કૂપન બુક મળી ન હોય તો ત્વરીત નીચે આપેલ નંબર પર સંપર્ક કરી મેળવી લઈ,
પોતાના શ્રી સંઘમાં જાહેરાત કરી / નોટીસ બોર્ડ / જાહેર સ્થળે લગાડી જાણ કરાવી
**સર્વેને લાભ મળે તેવી ગોઠવણ કરવા વિનંતી.**

**દેવ–ગુરુ અને**
**ધર્મનો મહિમા**
**રોમે રોમે વ્યાપે**
**અચલગચ્છાધિરાજ પદે**
**કલાપ્રભસૂરિરાજ બિરાજશે...**

**ચીમન મોતા : ૯૩૨૨૨ ૨૦૭૦૮ । પ્રવિણ લોડાયા : ૯૮૨૦૫ ૬૫૨૬૧ । જીતેન્દ્ર વોરા : ૮૨૯૧૩ ૯૫૮૦૧ । નારાયણ : ૯૮૭૦૩ ૪૫૮૮૫**

BINITA S. MARU - 9869034162

## શ્રી સંઘો / મહાજનોના સ્નેહમિલનના મહત્વપૂર્ણ, શાનદાર આયોજનને સફળ અને ફળદાયી બનાવનાર...

પધારેલ સંઘ–મહાજનના સૌ માનવંતા પ્રતિનિધિઓના કે જેમણે અત્યંત અલ્પ સમયની સૂચના છતાં સમયસર ઉપસ્થિત રહીને
મહામારીના કપરા કાળમાં સરકારી માર્ગદર્શિકાને પાળવા ઉચ્ચતમ સંયમ અને સહયોગ બદલ...તેમજ
મહોત્સવના સહયોગી દાતા બનવા બદલ અને હોંશે હોંશે કુપન બૂક લઈ સહયોગ આપવા બદલ અમો આપના આભારી છીએ.
વર્તમાન વિકટ પરિસ્થિતીને અનુરૂપ રહી, ઘણી બધી મર્યાદાઓને ધ્યાનમાં રાખી ચીવટપૂર્વક થયેલ આયોજન છતાં,
ક્યાંય કોઈને પણ જાણતાં કે અજાણતાં અગવડ પડી હોય, મનદુઃખ થયું હોય તો,

## અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્

લિ. : રતનલાલ દેવીચંદજી વડેરા (પ્રમુખ) ▪ શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન સમિતિ : રવિભાઈ ઠાકરશી સંગોઈ (કન્વીનર), વિરાટભાઈ સેવંતીલાલ શાહ (સહકન્વીનર)

જાહેરાત સૌજન્ય : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘના આદેશથી

**માતુશ્રી કેસરબેન ટોકરશી શીવજી સાવલા (કચ્છ દુર્ગાપુર–નવાવાસ)**

**શ્રીમતી ગીતાબેન રસિકલાલ નાનજી ચાંપશી શાહ (મેરાઉ-વડોદરા-વાંદરા)**

# મળવા જેવા માણસ...

## શ્રી ભૂપેન્દ્ર મુરજી કલ્યાણજી દંડ - લાખણીયા (નવી મુંબઈ)



શ્રી ભૂપેન્દ્ર મુરજી કલ્યાણજી દંડ - લાખણીયા (નવી મુંબઈ) આપણી જ્ઞાતિના સુપ્રસિદ્ધ બીલ્ડર છે અને તેઓ નવી મુંબઈના મોટા બાંધકામ વ્યવસાયીઓમાંના એક છે તેમનું સુત્ર છે **"Nothing is impossible"**. તેઓ ખૂબ જ નીડર અને સ્પષ્ટવક્તા વ્યક્તિ છે અને તેઓ હૃદયથી બોલે છે. તેઓ ઉદાર દાનવીર છે. તેમજ જ્ઞાતિ માટે ચિંતા કરનારી વ્યક્તિ છે. તેઓ ઐરોલી - નવી મુંબઈ ખાતેની કસ્તુર પદમ ભવન મહાજનવાડી કે જેની જમીનની બજાર કિંમત અત્યારે રૂા. ૩૦ કરોડથી વધુ છે, તેના સંપૂર્ણ દાતાશ્રી છે.

શ્રી ભૂપેન્દ્રભાઈએ ખૂબ જ નાના પાયે ધંધાની શરૂઆત કરી શુન્યમાંથી સર્જન કર્યું છે અને ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરી છે. તેઓ આપણી જ્ઞાતિના તથા નવી મુંબઈના ખૂબ જ ધનવાન વ્યક્તિ છે. તેઓ ઈ. સ. ૧૯૯૦માં ડોંબીવલીથી નવી મુંબઈ સ્થળાંતરિત થયા અને નવી મુંબઈને કર્મભૂમિ બનાવી તેમણે સેંકડો ઈમારતોના હજારો રહેઠાણોનું નિર્માણ કર્યું છે. તેઓ ૧૫૦૦થી વધુ સભ્યો ધરાવતા શ્રી નવી મુંબઈ બિલ્ડર્સ એસોસીએશનના ત્રણવાર પ્રમુખ રહી ચુક્યા છે તથા વર્તમાનમાં ચેરમેન તથા ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છે. તેમણે ખૂબ જ નાની ઉંમરે પોતાની કુશળતા, પરિશ્રમ અને કાબેલિયતના સહારે સફળ વ્યવસાયનું સામ્રાજ્ય ઉભું કર્યું છે. તેમની કંપની 'ભૂમિરાજ' નવી મુંબઈમાં ખૂબ જ વિશ્વનીય છે.

આપ સૌને જાણ છે જ કે ભવનનું કાર્ય અનેક કારણોસર પૂર્ણ થયું નથી અને એ વિલંબ માટે શ્રી ભૂપેન્દ્રભાઈ ખૂબ જ ચિંતિત છે એટલે પ્રકાશ સમીક્ષાને તેમણે મુલાકત આપવાની વિનંતી કરી. એમની સાથેની પ્રશ્નોતરી વાંચીએ એ પહેલા શ્રી ભૂપેન્દ્રભાઈએ આપેલી માહિતી - પશ્ચાદભૂમિકા વાચકોના લાભાર્થે રજુ કરૂં છું.

આ બાબતનો પ્રારંભ ક.દ.ઓ. જ્ઞાતિ અને ક.દ.ઓ નાની નાતનું જોડાણ થયું એ પહેલાથી થયો છે. નાની નાતના અગ્રણી તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈએ સ્વપ્ન સેવ્યું કે નાની નાત માટે એક વાડી બનાવવી. એ માટે તેમણે પોતાના વ્યક્તિગત નામે એક પ્લોટ લઈ નાની નાતના દાતાઓ પાસેથી શરતી દાન મેળવ્યું. જેમાં દાતાશ્રીઓના પરિવારોને કાયમી ટ્રસ્ટીશીપ આપવાની વ્યવસ્થા હતી. બન્ને નાતના જોડાણ પછી વાડીનું કામકાજ શ્રી મુંબઈ મહાજન હસ્તક ગયું. શ્રી ભૂપેન્દ્રભાઈના મુંબઈ મહાજન સાથેના ૧૧ ફેબ્રુઆરી ૧૦૦૯ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ દરમ્યાન થયેલા ૧૮ જેટલા પત્રોની કોપી મને આપી છે. સીડકોના ચોપડે હજુ પણ આ પ્લોટ શ્રી ક.દ.ઓ.નાની નાતના નામે જ છે.

તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૯ના પત્રમાં તેમણે મહાજનશ્રી દ્વારા આ કાર્યમાં થઈ રહેલા વિલંબ વિશે પોતાના વિચારો જણાવ્યા છે. જેનો પ્રત્યુત્તર મહાજનશ્રીએ તા. ૪ માર્ચ ૨૦૦૯ના આપ્યો છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈને અમૂક માહિતીઓ આપવા જણાવ્યું હતું. શ્રી ભૂપેન્દ્રભાઈએ આપેલો ઉત્તર મારી જાણમાં નથી. સ્થળ સંકોચને કારણે પત્ર વ્યવહારની બધી વિગતો અહીં જણાવવી મુશ્કેલ છે, પરંતુ એવું જણાય છે કે મહાજનશ્રી દ્વારા આ કાર્યને શીઘ્રતાથી પુર્ણ કરવા સમયે સમયે પ્રયત્નો કરવામાં આવ્યા છે. અનેક માટીંગો લેવામાં આવી અને મહાજનના સભ્યોની એક અસાધારણ સભા પણ બોલાવવામાં આવી હતી છતાં પણ વાડીનું કાર્ય પૂર્ણ થયું નથી એથી વાડીના સંપુર્ણ દાતા તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ ખૂબ જ ચિંતિત અને વ્યગ્ર છે.

પ્ર.સ : આપે નાની નાત માટે વાડીનું આયોજન કરેલું તો પછી શા માટે સમગ્ર કદઓ જ્ઞાતિ માટે આયોજન હાથ ધર્યુ ?

બી.ડી : બન્ને નાતના જોડાણ પછી બન્ને નાતો એક થઈ ગઈ અને હું એનો સભ્ય બન્યો એટલે મારી ફરજ સમગ્ર જ્ઞાતિ માટે થાય. અને વાડીનું હસ્તાંતરણ કરવું એ જોડાણની એક શરત પણ હતી.

પ્ર.સ. : મહાજનશ્રી સાથેના આપના પત્રવ્યવહાર મુજબ વાડીના ભૂમિદાતા આપશ્રી તથા શ્રી પારસ પદમશી મૈશેરી હતા, તો પછી તમે સંપૂર્ણ દાતા છો એવું કેમ જણાવો છો ?

બી. ડી. : હું પહેલાં તમને આ અંગેના તથ્ય જણાવું. જ્યારે મને માહિતી મળી કે સીડકોમાં જ્ઞાતિ પ્રવૃત્તિ માટે રાહત દરે પ્લોટ મળી શકે એમ છે ત્યારે મેં મારા સંપર્કોના ઉપયોગથી નાની નાત માટે મારા વ્યક્તિગત નામે પ્લોટ મંજુર કરાવ્યો, જેની પુરી રકમ મેં ભરી હતી. શ્રી પદમશી કાનજી મૈશેરી

(ઘાટકોપર-રાપર) મારા માતુશ્રીના મામા થાય અને તેઓ મુશ્કેલીના સમયે હંમેશા મારી માતાને સહયોગી બન્યા હતા એટલે તેમના પ્રત્યેના મારા આદરભાવને દર્શાવવા મેં કસ્તુર પદમ ભવન એવું નામ આપવા વિનંતી કરી હતી. (મારા માતુશ્રી કસ્તુરી અને શ્રી પદમશીભાઈ એટલે પદમ)

પ્ર.સ.: મને જાણવા મળ્યું છે કે વાડીનું કાર્ય પુર્ણ કરવા તમને સત્તા આપવામાં આવી છે, તો હવે શું પ્રશ્ન છે ? અને તમે શું ચિંતા ધરાવો છો?

બી. ડી. : મેં તમને આપેલા પત્રવ્યવહારને તમારે વાંચવો જોઈએ. મેં મહાજન પાસેથી કેટલાક દસ્તાવેજો માંગ્યા છે જે આજ સુધી મને મળ્યા નથી.

વાડીનું કાર્ય પૂર્ણ કરવા માટે થયેલા અયોગ્ય વિલંબ જેવી અનેક બાબતોથી હું ચિંતિત છું અને જયારે ૨૦૧૮ માં મને તે કાર્ય પુર્ણ કરવા સત્તા આપવામાં આવી છે એ વિષયને ૨૦૨૧માં ફરીથી હાથ ધરવાની શી જરૂર છે ?

આર સી સી કામનું ઓડિટ કરાવવું જરૂરી છે. વાડીના આર સી સી કોન્ટ્રાકટર મોસ્કોવાઈટ મારા માટે પણ કાર્ય કરે છે. અને વાડીનું કાર્ય ૮ થી ૯ કરોડ રૂપિયામાં પુર્ણ થઈ શકે.

ઈ. સ. ૨૦૧૫ માં ઓ. સી. મેળવ્યા સિવાય વાડીનું ઉદ્‌ઘાટન કરી નાખવામાં આવ્યું એટલે મેં ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી નહોતી આપી તે જ રીતે શેઠ શ્રી કાનજી વસનજી પાલાણી પરિવાર પણ ગેરહાજર રહ્યા હતા. ઉદ્‌ઘાટન કરવા માટે શું ઉતાવળ હતી ?

ઐરોલીમાં ૬ મીટર રોડ ઉપર આવેલી પાટીદાર વાડી દર વર્ષ રૂા. ૧ થી ૧.૨૫ કરોડનો નફો કરી રહી છે. પાર્કીંગ તથા નાનો રસ્તો તેમની મોટી સમસ્યા હોવા છતાં પણ સારું કાર્ય કરી રહી છે. આપણી વાડી ૧૫ મીટર રસ્તા ઉપર, વિશાળ પાર્કીંગ સુવિધા તથા પહોંચવાની સરળતા હોવા છતાં એની માંગ નથી. આપણે વિલંબના કારણે દર વર્ષે કરોડની આવક ગુમાવીએ છીએ. ગણતરી કરો કે આપણે કેટલા રૂપિયા ગુમાવ્યા...

મહાજનની અગાઉની કારોબારીએ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ પાસેથી લોન મેળવવા દરખાસ્ત મુકી હતી જેનો વર્તમાન કારોબારીના સભ્યોએ વિરોધ કર્યો હતો અને તે વિરોધ માટે તેઓ જ્ઞાતિજનોને બસોમાં લાવ્યા હતા. અને આજે ૨૦૨૧માં અગાઉ વિરોધ નોંધાવનારા લોકોએ જ સત્તામાં આવ્યા પછી શ્રી અનંતનાથજી ટ્રસ્ટ પાસેથી લોન મેળવવા ઠરાવ મંજુર કર્યો અને એના સમર્થન માટે ફરીથી જ્ઞાતિજનોને બસોમાં લાવ્યા હતા. આપણી જ્ઞાતિ આજે કઈ તરફ જઈ રહી છે ? આપણે કઈ સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છીએ ?

આપણી જ્ઞાતિના રાજકારણથી હું વ્યથિત છું. મેં નક્કી કર્યું છે કે જે પણ જ્ઞાતિ પ્રવૃત્તિમાં ગંદુ રાજકારણ રમાતું હશે તે પ્રવૃત્તિમાં હું નહિં જોડાઉં.

પ્ર.સ.: ભૂપેન્દ્રભાઈ, આપનો સમય આપવા બદલ આભાર, હું તમારી અકળામણ અને લાગણી સમજી શકું છું પણ આપને હૃદયપૂર્વક વિનંતી કરું છું કે આપ જ્ઞાતિના ઉત્કર્ષ માટે તથા જ્ઞાતિ પ્રવૃતિઓમાં દરેક રીતે સહયોગી બની રહેશો. સાથે સાથે આપને એવી પણ વિનંતી છે કે આ પ્રશ્નને સુલઝાવો તથા વાડીનું બાકીનું કામ પુર્ણ કરવા તથા આપનું સપનું પરિપૂર્ણ કરવા મદદરૂપ બનો.

– ડૉ. હિરાચંદ દંડ

## શ્રી ગોડીયા પાર્શ્વનાથ દેરાસરજી અને ક. દ. ઓ. મહાજન ટ્રસ્ટ – રાપર ગઢવારી

શ્રી રાપર ગઢવારી ગામવાસિયો માટે,

આપણા ગામમાં આવેલ શ્રી ગોડીયા પાર્શ્વ પ્રભુ જિનાલયને ૧૩૦ વર્ષ થયા. જિનાલયના જુના પથ્થરને લૂણો લાગવાથી બાંધકામ નબળું થતું જાય છે.

અતઃ આ જિનાલય સંકુલને ફરીથી નવેસરથી તે જ જગ્યાએ તે જ સંકુલમાં નવનિર્માણ કરવાનું છે. આપણા ગામના કોઈપણ ગામવાસીને આ નવનિર્માણ કાર્યનો લાભ લેવો હોય તેઓએ તા. ૧૦.૪.૨૦૨૧ સુધી નીચે જણાવેલ સરનામે જણાવવા વિનંતી છે.

લી. ટ્રસ્ટીઓ

**શ્રી પારસ પદમશી મૈશેરી**

૧ લે માળે, ૩/૪ કોનાર્ક ચંદ્ર લોક CHS Ltd.
જેઠાભાઈ લેન, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ – ૪૦૦ ૦૭૭.

સમય પ્રવાહ



## આત્મનિર્ભરતા : ભાગ – ૧

# વ્યક્તિગત અને પારિવારિક

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247

આત્મનિર્ભરતા કે સ્વાવલંબન એ એક એવી વિશિષ્ટ અને અત્યંત આવશ્યક જરૂરિયાત છે, જે મનુષ્યને, સમાજને કે રાષ્ટ્રને ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ઓછી મુશ્કેલીઓ સાથે અને સામાન્ય સંજોગોમાં વધારે આનંદ સાથે જીવવા માટે ઉપયોગી વલણ કે ગુણ છે. આ શબ્દ બે અલગ અલગ શબ્દો આત્મ એટલે કે જાતે, પોતે કે સ્વયંમ અને નિર્ભરતા એટલે આધાર, આલંબન કે ટેકો એની સંધિથી બનેલો છે, આત્મ + નિર્ભરતા = આત્મનિર્ભરતા, અને સામાન્ય રીતે તે પરિસ્થિથતિ દર્શાવવા માટે વપરાય છે, અને તેનો ગુણધર્મ કે અર્થ તરલ કહી શકાય તેવો છે, તેથી જે તે વિષયના સંદર્ભમાં જયારે લખાણ કે બોલવામાં એ વપરાય છે, ત્યારે જ તેને ચોક્કસ અર્થ મળે છે; તેથી આત્મનિર્ભરતાની સર્વમાન્ય વ્યાખ્યા કરવી મને મુશ્કેલ લાગે છે. આત્મનિર્ભરતા એ એક એવી આદર્શ પરિસ્થિતિ છે, જયારે વ્યક્તિ પોતાની જરૂરિયાતની પૂર્તિ કે કાર્ય સંપન્નતા અન્ય કોઈ વ્યક્તિ પર નિર્ભર થયા વગર કરી શકે છે. સામાન્ય વ્યવહારમાં આત્મનિર્ભર એ શબ્દ એક વિશેષણના સ્વરૂપમાં વધારે વપરાય છે, અને આત્મનિર્ભરતા શબ્દ જે વિશેષ કે વિશિષ્ટ પરિસ્થિતિ દર્શાવવા માટે વાપરી શકાય છે તેનો પ્રમાણમાં ઓછો વપરાશ થાય છે. કેટલાક જ્ઞાનીઓનું માનવું છે કે આત્મનિર્ભરતા એ પરિસ્થિતિ નહીં પણ માનસિક અભિગમ છે. આ અલ્પ પ્રસ્તાવના પછી આ લેખના શીર્ષકને વફાદાર રહીને જે વિષયની સીમા બાંધેલ છે, તેની અંદર રહીને હું આ આજના કે આમ તો કોઈ પણ સમયે યથોચિત્ત એવી આત્મનિર્ભરતાની જરૂરિયાતને મારી પાસે જે અલ્પ સમજ, સમજણ, વિચાર, માહિતી અને જ્ઞાન છે તેનો ઉપયોગ કરીને થોડો વિસ્તાર કરવાનો પ્રયાશ કે પ્રયત્ન કરીશ.

દરેક વ્યક્તિની અલગ અલગ કે ભિન્ન પ્રકૃતિ, આદતો, સ્વભાવ, જરૂરિયાત અને જીવનશૈલી હોય છે. જ્ઞાનીઓએ મનુષ્યની જરૂરિયાતોને ત્રણ પ્રકારમાં વહેંચી છે; આવશ્યક (જેમાં અતિ આવશ્યક અને મૂળભૂત એ જરૂરિયાતો પણ સમાવિષ્ટ છે) જરૂરી અને બિનજરૂરી. આ વર્ગીકરણ પણ સર્વમાન્યના ગણી શકાય, કેમકે સમયાનુસાર વસ્તુ કે સેવા એક વર્ગમાંથી બીજા વર્ગમાં જઈ શકે છે. જીવનના અલગ અલગ તબક્કે મનુષ્યની અલગ અલગ જરૂરીઆત અને પરિસ્થિતિ હોય છે. મનુષ્ય રોજિંદી જિંદગીમાં પોતાની જરૂરિયાત માટે બહુધા સેવા અને વસ્તુ કે સાધન પર નિર્ભર હોય છે. સેવા માટે અન્ય કોઈ વ્યક્તિ કે સિસ્ટમ પર નિર્ભર રહે છે. એટલે આત્મનિર્ભરતાની પહેલી શરત કે જરૂરિયાત એ છે કે મનુષ્ય પોતાની વ્યક્તિગત જરૂરિયાત બને એટલી ઓછી કરે, જેથી તેને અન્ય વ્યક્તિની સેવાની જરૂર જ ના પડે. આ સ્થળે એક ખુબ પ્રસિદ્ધ હિન્દી દોહો **चाह गई चिंता गई मनवा बेपरवाह, जाको कछु न चाहिए वो शाहोंका शाह.** યથાર્થ લાગે છે.

આમ જોવા જાવ તો કોઈ પણ મનુષ્યને જીવન જીવવા માટે જન્મથી મૃત્યુ પર્યન્ત અન્ય ઘણા લોકો પર નિર્ભર રહેવું જ પડે છે, એટલે કોઈ પણ મનુષ્ય પૂર્ણ રૂપે આત્મનિર્ભર ના રહી શકે. પણ એક સ્વસ્થ અને પુખ્ત વયના મનુષ્ય માટે આર્થિક આત્મનિર્ભરતા એ સ્વાવલંબનનું સૌથી મુખ્ય અંગ છે; તેથી જ જયારે કોઈ લગ્નોત્સુક અને લાયક કે યોગ્ય યુવાન જયારે કમાવવા લાગે છે, ત્યાર પછી જ તેના લગ્ન કરવાની એક સર્વમાન્ય પ્રથા છે. કારણકે મનુષ્યની તદ્દન ઓછામાં ઓછી પણ અત્યંત આવશક્યક એવી રોટી, કપડા અને મકાન જે જીવવા માટે જરુરી છે, તેની વ્યવસ્થા માટે અર્થ ઉપાર્જન કે આર્થિક આત્મનિર્ભરતા અત્યંત આવશ્યક છે. તેવી જ રીતે કોઈ અપંગ કે શારીરિક ખોડ ખાંપણ વાળા વ્યક્તિને જીવનસાથી કે નોકરી પણ જલ્દી કે ક્યારે પણ ના મળે તેવું બની શકે છે કેમકે તે શારીરિક રીતે આત્મનિર્ભર નથી.

જરૂરિયાત અને આત્મનિર્ભરતા કઈ રીતે એક બીજા સાથે સંકળાએલા છે તેનું સચોટ અને રમુજી ઉદાહરણ પ્રસ્તુત છે. એક ભાઈને લગભગ પચ્ચીસેક વર્ષની યુવાન વયે વૈરાગ આવી ગયો; અને તે ગામથી બહાર એક મંદિરની પાસે નાની ઝૂંપડી બનાવીને તેમાં રહેવા લાગ્યો, અને ભિક્ષા માંગીને પોતાના આહાર માટે વ્યવસ્થા કરી લેતો, અને આ રીતે તે મહદ્ અંશે આત્મનિર્ભર હતો. પણ થોડા દિવસો પછી તેની ઝૂંપડીમાં ઉંદરોનો ત્રાસ થવા લાગ્યો. કોઈએ ઉંદર મારવાની દવાનો ઉપયોગ કરવાની સલાહ આપી, પણ તેને જીવ હત્યાનો વિચાર બરાબર ના લાગ્યો. કોઈએ સલાહ આપી

કે તું બિલાડી પાળ, જે ઉંદરોનો નાશ કરશે અને બિલાડીને ભોજન પણ મળી રહેશે; અને તારા પર જીવ હત્યાનું પાપ પણ નહીં લાગે. તેને આ વાત બરાબર લાગી અને તેણે બિલાડી પાળી. થોડા દિવસોમાં ઉંદરના ત્રાસમાંથી મુક્તિ મળી, પણ પછી બિલાડીને ભોજન ના મળતાં તે બીમાર થવા લાગી. કોઈએ સલાહ આપી કે તું ગાય પાળ અને તેના દૂધથી બિલાડી રૂષ્ટપુષ્ટ થઈ જશે અને તને પણ શુદ્ધ દૂધ મળશે. તેણે ગાય પાળી, પણ તેની દેખરેખ રાખવા અને દોહવા માટે એક જુવાન બાઈને પણ કામ સોંપ્યું. થોડા મહિના પછી તે યુવાનને તે બાઈ જોડે પ્રેમ થઇ ગયો અને તે બન્નેએ લગ્ન કરીને પૂર્ણ સ્વરૂપે સંસાર વસાવી લીધો ! એટલે જેમ જરૂરિયાતો વધે તેમ અન્ય પર નિર્ભરતા વધે અને મનુષ્ય પરાવલંબી બની જાય. આ સ્થાને મારા વિચારે મનુષ્યોમાં સૌથી વધારે આત્મનિર્ભર કોઈ હોય; તો તે છે દિગમ્બર જૈન સાધુઓ, જે બહુ જ ઓછી જરૂરિયાતોના કારણે મહદ્દ અંશે આત્મનિર્ભર છે.

અબ્રાહમ માસ્લો નામના એક વિખ્યાત અમેરિકન માનસશાસ્ત્રીએ મનુષ્યની જરૂરિયાતોને ત્રણ મુખ્ય અને તેની સાથે અન્ય બે પેટા જરૂરિયાતો મળીને કુલ્લ પાંચ જરૂરિયાઓતો વિષે એક સિદ્ધાંત કે થીઅરી રજુ કરેલ. એમના પ્રમાણે આ જરૂરિયાતો એક પિરામિડના સ્વરૂપમાં હોય છે; જેમાં સૌથી નીચલા સ્તર પર હોય છે આહાર, પાણી, અને રહેઠાણની જરૂરિયાત, જેની સાથે સલામતી અને સ્થિરતા પણ જોડાયેલી છે. મનુષ્યની આ સૌથી ઓછી કે લઘુતમ જરૂરિયાતો છે અને જે મનુષ્યને તેનું અસ્તિત્વ ટકાવી રાખવા જરૂરી છે. ત્યાર પછીના સ્તર પર થોડી ઉચ્ચસ્તરની જરૂરિયાતો આવે છે, જેમાં સંબંધ, દોસ્તી, પ્રતિષ્ઠા અને સિદ્ધિ મુખ્ય ગણાય છે, જેને માનસિક જરૂરિયાતો ગણાવાઈ છે. અને સૌથી ઉપર આવે છે એવી જરૂરિયાતો જે નિજાનંદ કે નિજઉત્થાન માટે જરૂરી છે. મનુષ્યનો મૂળભૂત સ્વભાવ જ એવો છે કે એક જરૂરિયાત સંતોષાય તો તરત જ બીજી જરૂરિયાત સ્વયં ઉભી થઇ જાય છે, અને આ નિયમ લગભગ દરેક મનુષ્યને માટે લાગુ પડે છે. તેથી જ મનુષ્ય અન્ય સજીવો જેમકે પશુ, પક્ષી કે પ્રાણીઓની સરખામણીમાં ઓછો આત્મનિર્ભર હોય છે. એક સામાન્ય મનુષ્ય માટે આત્મનિર્ભરતા એ કદાચ અશક્ય નહીં તો બહુજ મુશ્કેલ છે. ભારતમાં તો એક કહેવત પ્રસિદ્ધ છે 'પરસ્પર દેવો ભવઃ' એટલેકે એક બીજા સાથે સહકાર એ એવી વ્યવસ્થા છે જેના પર જ સમસ્ત માનવ જાતિનું અસ્તિત્વ અને પ્રગતિ ટકેલું છે. એક અન્ય કહેવત, **વિના સહકાર નહિં ઉદ્ધાર** પણ બહુ જ પ્રચલિત છે. બીજી એક સુંદર કહેવત **અપના હાથ જગન્નાથ**, પણ એજ બાબત પર ભાર મૂકે છે કે જો સ્વાવલંબી બનવું હોય તો જાતે કામ કરવાની ટેવ પાડવી જોઈએ.

વ્યક્તિગત આત્મનિર્ભરતાના માર્ગમાં મુખ્ય ત્રણ મુખ્ય અડચણો છે; વ્યસન, આદત અને આળસ. હાલની કોરોનાના કારણે ઉભી થયેલ પરિસ્થિતિએ આ વસ્તુસ્થિતિને ઉજાગર કરેલ છે, ખાસ કરીને દારૂ, પાન, ગુટકા અને માવાના વ્યસન બાબત. છેલ્લા એક વર્ષમાં સોસીઅલ મીડિયા પર કે સમાચાર પત્રોમાં ગુજરાતી અને ખાસ કરીને કાઠિયાવાડી પ્રજાના ગુટકા વ્યસન બાબત તેમજ અન્ય રાજ્યોની પ્રજાના દારૂ કે શરાબના વ્યસન વિશે બહુજ વ્યાપક પ્રમાણમાં લગભગ હાસ્યાસ્પદ કહી શકાય તે સ્તર પરનું વર્તન જોવા મળેલ.

શત્ત પ્રતિશત વ્યક્તિગત આત્મનિર્ભરતા લગભગ અશક્ય છે અને તે 'ખયાલી પુલાવ' કે અંગ્રજીમાં utopian concept કહી શકાય તેવી કલ્પના લાગી શકે છે, પણ પારિવારિક આત્મનિર્ભરતા મહદ્દ અંશે વાસ્તવિક અને વ્યવહારિક તથા જેને અમલમાં મૂકી શકાય તેવી વ્યવસ્થા છે. આખરે તો સમાજનું નાનામાં નાનું એકમ પરિવાર કે કુટુંબ છે. પણ હાલના વિભક્ત કુટુંબ વ્યવસ્થામાં તે પણ શક્ય નથી. સદીઓ પહેલાં કેટલાક વૈષ્ણવ અને જૈન પરિવારો જેને લોકભાષા કે બોલીમાં 'મરજાદી પરિવાર' કહેતા તેમાં ગ્રહકાર્ય માટે રાખેલા નોકર ચાકરોને પણ ઘરના પૂજા કક્ષ અને રસોઇખંડમાં દાખલ થવાની મનાઈ હતી! એટલે અત્યંત આવશ્યક સેવા માટે સત્ત પ્રતિશત કૌટુંબિક આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટેની વ્યવસ્થા હતી.

બચપણમાં પાઠ્ય પુસ્તકમાં આત્મનિર્ભરતા બાબત એક સુંદર વાર્તા હતી જેને સ્મૃતિના આધાર પર રજુ કરૂં છું. એક ખેતરમાં લાવરી નામના પક્ષીનો માળો હતો અને તેમાં તેના બચ્ચા પણ હતા. એક દિવસ ખેતરનો માલિક તેના પુત્રને કહી રહ્યો હતો કે હવે પાક તૈયાર છે, અને લણણી માટે આવતી કાલે અન્ય મજૂરોને બોલાવી લાવજે. આ સાંભળીને લાવરીના બચ્ચા ગભરાઈ ગયા કે આપણો માળો પણ હવે કાપણી થતાં નાશ પામશે તો રહેશું ક્યાં ? બચ્ચાઓએ આ વાત તેમની માને કહી. માએ કહયું કશો વાંધો નહીં ચિંતા કરશો નહીં. આ રીતે બે ત્રણ દિવસો નીકળી ગયા પણ દહાડિયાકે મજદૂરોની અછત અને ઉપલબ્ધિના અભાવના કારણે કાપણી ચાલુ થઇ જ નહીં. આખરે ખેતર માલિકે તેના પુત્રોને કહયું કે આપણે સૌ પરિવારના સભ્યોએ સાથે મળીને પરમ દિવસે કાપણી ચાલુ કરવાની છે તો આવતી કાલે તેના માટે જરૂરી સાધનો અને વ્યવસ્થા કરી લેજો. આ વાત જયારે લાવરીના બચ્ચાઓએ તેમની માને કહી તો તેમની માએ કહયું આવતી કાલે આપણે આ સ્થાન છોડીને અન્ય જવું પડશે, અને તે રીતે બીજા દિવસે તે લાવરી પરિવારે ત્યાંથી સ્થળાંતર કરીને અન્ય સુરક્ષિત સ્થાન પર પોતાનો માળો બનાવી લીધો.

છીપનું મોતી : શ્રમનું સન્માન અને આદર એ વ્યક્તિગત અને પારિવારિક આત્મનિર્ભરતા માટેની પ્રાથમિક અને મૂળભૂત જરૂરિયાત છે.

# પુસ્તક પરિચય

- સોમ ઘરમશી



## દેશની આઝાદીની ચળવળમાં, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિની ''ગૌરવમય ગાથા''




**''ખબર નથી માથે શું આફત પડી છે,**
**ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.''**
**''રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે;**
**કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે,**
**ઘાયલ મરતાં મરતાં રે માતની આઝાદી ગાવે.''**

- રાષ્ટ્રશાયર સ્વ. ઝવેરચંદ મેઘાણી

દેશભક્તિના આવા શૌર્યગીતો ગુજરાત માંથી અને બંગાળ માંથી સ્વ. બંકીમચંદ્રનું ''વંદે માત્‌રમ'' અને સ્વ. રવિન્દ્રનાથ ટાગોરનું ''જન મન ગણ'' સવારની પ્રભાત ફેરીઓમાં ગવાતું અને લોકોમાં આઝાદીનો જુવાળ જાગતો.

અંગ્રેજી સલ્તનત માંથી દેશને મુક્ત કરવા ઘણા લબરમુછિયા યુવાઓમાં ઉપરના દેશ ભક્તિના ગીતોથી આઝાદીની લડતમાં ઝંપલાવવા પ્રેરણા મળતી.

આ હતી ભારતની આઝાદીની લડત. આજે પણ ''લડત''ની વાત આવે તો આપણે ''વાણિયા'' એનાથી દૂર રહીએ પણ પોરબંદરના એક વાણિયાએ દેશને અજબનો મંત્ર આપ્યો ''કરેંગે યા મરેંગે'', અને આપણી જ્ઞાતિના કેટલાક સપુતોએ માતૃભુમિને આઝાદી અપાવવા પોતાનું સર્વસ્વ બલિદાન આપી જીવન ખપાવી દીધું. આ સપુતોના બલિદાનનો ઈતિહાસ રચી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિએ ભારતની આઝાદીની લડતમાં આપેલ ભવ્ય યોગદાનના ઈતિહાસને પુસ્તકમાં આલેખી સ્વ. શ્રી કુલીનકાંત ભોજરાજ લોડાયા ભવ્ય કામ કરી ગયા. તો શ્રી જયેશ કુલીનકાંત લોડાયાએ પ્રેરણા પ્રદાન કરી સંકલનકાર શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા દ્વારા માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટને નિમિત બનાવી પ્રકાશન કરી જ્ઞાતિ માટે એક અવિસ્મરણીય પુસ્તક છાપી, અદ્‌ભુત કાર્ય કર્યું છે. તેમને સો સો સલામ...

''ગૌરવમય ગાથા'' પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે. પ્રથમ ભાગમાં શ્રી ક.દ.ઓ. મહાજનના ઉદ્‌ભવથી કરી કચ્છમાં વસવાટ, મુંબઈમાં આગમન ઈત્યાદી વિષયોને આવરી લીધા છે.

આજે આપણી જ્ઞાતિમાં ઘણી સંસ્થાઓ, મંડળો જ્ઞાતિના વિશાળ વિકાસ માટે કટિબદ્ધતાથી કાર્ય કરી રહ્યા છે. આ પુસ્તકમાં તે સમયે આઝાદીના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા સ્થપાયેલ અને કાર્યરત એવા મંડળ, સંઘની સ્થાપનાનો ઈતિહાસ, કાર્યક્ષેત્રની કામગીરીનો આછેરો ખ્યાલ આપવાનો પ્રયત્ન કરેલ છે.

ભાગ બે માં એ.બી.સી.ડી.માં ક્રમવાર નામાવલી ગોઠવી લગભગ જ્ઞાતિના ૧૦૦ જેટલા વ્યક્તિઓની ચળવળમાં સમર્પિત ઈતિહાસની મળેલી માહિતીનું ચયન કરી પ્રસિદ્ધ કરી છે.

જ્ઞાતિના એ ગૌરવવંતા લડવૈયાઓની શૌર્યગાથા માંથી પસાર થતાં આ વ્યાપારી જ્ઞાતિના નરબંકાઓએ આઝાદીની લડતમાં સુઝબુઝથી કરેલ સમર્પણની યાદ દેવડાવે છે. જ્ઞાતિની બહેનોએ સક્રિયતાથી આઝાદીની લડતમાં ભજવેલ ભાગની પણ નોંધ લેવાયેલ છે.

શ્રી કદઓ જૈન જ્ઞાતિના દરેક ઘરમાં આ પુસ્તકની એક નકલ તો હોવી જ જોઈએ અને વંચાવી પણ જોઈએ. જેથી પ્રેરણા મેળવી આજનો યુવા ''સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ''ના સુત્રને સાર્થક કરી શકે અને આપણી જ્ઞાતિ ફક્ત વ્યાપારીની જ્ઞાતિ છે એ ટોણામેણાનો સફળતાથી પ્રતિકાર થઈ શકે.

આ ગૌરવગાથાની પ્રસિદ્ધિમાં સહાયક બનનાર પ્રકાશક, મુદ્રક તેમજ પ્રિન્ટર્સનો આભાર માનવો જ રહ્યો.

પ્રાપ્તિ સ્થાન : માનવજ્યોત પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ, ફોન નંબર : ૦૨૨-૨૫૬૭૩૫૮૭ મો. : ૯૮૨૦૦ ૩૯૪૬૯.

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત દશ સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ || || શ્રી કેશરીયા આદિનાથાય નમઃ ||

|| શ્રી નમો નમઃ આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરીભ્યો નમઃ ||

# ૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થની આઠમી ધ્વજારોહણ - સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું

# આમંત્રણમ્

**દિવ્ય આશિષ :** તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ કૃપા-પ્રેરણા :** મોડપર તીર્થ જીર્ણોધ્ધારક **અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**વિધિકાર અને સંગીતકાર :** શ્રી વિક્રમભાઈ મહેતા જામનગરવાળા

## ધ્વજારોહણ-વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૭૭, જેઠ સુદ ૭, બુધવાર, તા. ૧૬-૦૬-૨૦૨૧**

બપોરના ૧ ક. થી ૨ કલાકે : સાધર્મિકભક્તિ

બપોરના ૨.૩૦ કલાકે : અઢાર અભિષેકની ઉછામણીઓ

બપોરે ૩.૦૦ કલાકે : અભિષેક સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર

સાંજના ૭.૦૦ કલાકે : ભાવના, અષ્ટપ્રકારી પૂજાના ચડાવા તા. ૧૭-૦૬-૨૦૨૧ માટે

**દ્વિતીય દિવસ : સંવત ૨૦૭૭, જેઠ સુદ ૮, ગુરુવાર, તા. ૧૭-૦૬-૨૦૨૧**

સવારના ૮.૦૦ કલાકે : નવકારશી

સવારના ૯.૦૦કલાકે : સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે ધ્વજારોહણ ઉછામણી-નકરા-ચડાવા, બહુમાન, આરતી, મંગલદીવો

સવારના ૧.૦૦ કલાકે : સાધર્મિક ભક્તિ સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર

## ધ્વજારોહણના લાભાર્થી તેમજ સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવારો

✣ **તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા :**
માતુશ્રી મંજુલાબેન મુલચંદ હીરજી લોડાયા પરિવાર (મોટી ખાવડી-ઔરંગાબાદ)
હ. અ.સૌ. કલ્પના રાજેન્દ્ર અને શ્રીમતી (જયશ્રી) શર્મિષ્ઠા મુકેશ શાહ / લોડાયા

✣ **૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા :**
અ. સૌ. પલક દર્શન જયેશ હરીયા પરિવાર (મોડપર-મુલુંડ) હ. અ.સૌ. ભાવના પંકજ ધરમશી

✣ **મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર ધ્વજા :**
માતુશ્રી નવલબેન ભાયચંદ લાલજી ધરમશી પરિવાર (રંગપુર - ડોંબીવલી) હ. અ.સૌ. ઝરણા નિતીન ધરમશી

## વિવિધ ચડાવા-ઉછામણી-નકરાની યાદી

✣ **તા. ૧૬-૦૬-૨૦૨૧ બપોરના ૨.૩૦ કલાકે**

૧) ગંભારામાં મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને ૪ ભગવાન ૨) રંગમંડપમાં શ્રી મુનીસુવ્રત સ્વામી ૩) રંગમંડપમાં શ્રી વાસુપૂજ્ય સ્વામી ૪) રંગમંડપમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ૫) રંગમંડપમાં શ્રી નેમીનાથ ભગવાન ૬) રંગમંડપમાં શ્રી સરસ્વતીદેવી ૭) રંગમંડપમાં શ્રી મહાકાળીદેવી ૮) રંગમંડપમાં શ્રી ચકેશ્વરી દેવી ૯) રંગમંડપમાં શ્રી પદ્માવતી દેવી ૧૦) દાદા કેશરીયા આદિનાથ દાદા (અલગ જીનાલય) ૧૧) દાદા ગુરૂદેવ કલ્યાણસાગરસૂરીશ્વરજી ગુરૂ મંદીર

**અભિષેક દરમ્યાન સુર્ય દર્શન, ચંદ્ર દર્શન, આરતી, મંગલદીવો વિગેરે ચડાવા લેવાશે.**

✣ **સર્વ સાધારણ ફંડ, મીતી યોજના તેમજ ભોજનશાળામાં દાન સ્વીકારવામાં આવશે.**

## નિમંત્રણ:

**આ શુભ પ્રસંગે અચલગચ્છના તેમજ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનો, દલતુંગી, સેવક ભરૂડીયા, રંગપુર, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી તેમજ જામનગરના સર્વે ગામ પ્રમુખો-મોવડીઓ, શ્રાવક-શ્રાવિકાઓ સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

● **લી.** ●

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોના જયજિનેન્દ્ર !**

**સંપર્ક : શ્રી નિતીન ધરમશી મો. : ૯૮૯૨૯ ૫૦૮૧૪ / ૯૦૮૨૭ ૫૮૫૦૮**

UPASANA-9820167767

## કેડીઓના આગામી કાર્યક્રમો

**સાંયરા કચ્છ બિરાજમાન શ્રી મોમાઈ માતાજી**
મોમાયા પરિવાર : સમૂહ પહેડી
તા. ૧૩-૪-૨૦૨૧

**શ્રી ડાઘા મોમાઈ મા મિત્ર મંડળ - વરાડીયા**
મોમાઈ મા તથા ભલારા દાદા દેવાલય ધ્વજા રોહણ
તા. ૧૬ થી ૧૭ એપ્રિલ ૨૦૨૧

**પાલીતાણા તીર્થે ચૈત્ર માસની આયંબિલ ઓળી**
સમુહ આરાધના
તા. ૧૮ થી ૨૬ એપિલ ૨૦૨૧

**શ્રી આઈ માતા ધરમશી પરિવાર**
સમુહ પહેડી - સુથરી
તા. ૨૫ થી ૨૭ એપ્રિલ ૨૦૨૧

**શ્રી ક. દ. ઓ.મહાજન - કુવાપધર**
ભલારાદાદાના ભૂવા બનાવવાનો કાર્યક્રમ
તા. ૨૫ થી ૨૮ એપ્રિલ ૨૦૨૧

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર - દલતુંગી**
૧૧૮ મો ધ્વજા મહોત્સવ તા. ૧૬-૫-૨૦૨૧

**દલતુંગી (હાલાર) મધ્યે બિરાજમાન ડાઘા, માલદે ખેરાણી પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજી મંદિરનો ધ્વજા મહોત્સવ**
તા. ૧૭-૫-૨૧ - દલતુંગી

**સુથરી તીર્થે ૧૮૩ મી ધજા મહોત્સવ**
તા. ૧૭ થી ૧૯ મે ૨૦૨૧

**શ્રી ભલારા દાદા મૂળ સ્થાનક તથા સચ્ચાઈ માતાજી મંદિરનો ધ્વજા મહોત્સવ-સુથરી**
તા. ૨૦-૦૫-૨૦૨૧

**શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જીનાલય - રંગપુર**
દાદાની ૩૨મી ધ્વજારોહણ તા ૨૧ થી ૨૨ મે ૨૦૨૧

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ**
શ્રી ચંદ્રપ્રભ સ્વામીની ૧૬૭ મી ધ્વજા તથા
શ્રી શીતલનાથ પ્રભુજીની ૬ ઠ્ઠી ધજા
તા. ૨૧ થી ૨૨ મે ૨૦૨૧

**મંજલ રેલડીયા ૧૩૯મો ધજા મહોત્સવ**
તા. ૨૧થી ૨૨ મે ૨૦૨૧

**શ્રી ક.દ.ઓ જખૌ મહાજન અને ટ્રસ્ટ**
૧૭૩મો ધ્વજા મહોત્સવ તા. ૧૭થી ૧૯ જુન ૨૦૨૧


Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about

CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Hirachand Dand<br>A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 2. Periodicity of publication | : | Fortnightly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar<br>Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers,<br>14A, Patra Shed,<br>Sitaram Mill Compund<br>N. M. Joshi Marg,<br>Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Hirachand Dand |
| Nationality | : | Indian |
| Address | : | A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 5. Editor's Name | : | Hirachand Dand |
| Nationality | : | Indian |
| Address | : | A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 6. Name & Address of Owner | : | SHRI C.D.O.PRAKASH SAMIKSHA SAMITI<br>A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |

I Hirachand Damji Dand, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.
Date : 20.3.2021

sd/-
Hirachand Damji Dand
Signature of Publisher



**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

# ક.દ.ઓ મોતા પરિવાર અંબા મા ટ્રસ્ટ, તેરા

C/O. તન મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, પહેલે માળે, ૧૭/૧૯, મોનાણી સદન, ભારત બેંકની સામે,
જવાહરલાલ નહેરૂ રોડ, મુલુંડ (વે), મુંબઈ ૪૦૦ ૦૮૦

## મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમુહ પહેડી

આપણે દર વર્ષે કુળદેવી મા અંબાઈમાની સમુહ પહેડી ગુડી પડવાને દિવસે ઉજવીને માના આશિર્વાદ મેળવીએ છીએ. ગયે વર્ષે કોરોના મહામારીને કારણે વાર્ષિક સમૂહ પહેડી ઉજવી શક્યા નહોતા. આ વર્ષે પણ હમણાં મુંબઈમાં મહામારીનો પ્રકોપ ફરીવાર વધવાને કારણે ઘણા અંકુશો પાછા લદાયા હોઈ લાભાર્થી મા. રતનબાઈ ત્રીકમજી મોતા પરિવાર -સુથરી - મુલુંડ હા. પ્રફુલ જૈન તરફથી ગુડીપડવો તા. ૧૩-૪-૨૦૨૧ ના દિવસે યોજવા ધારેલ સમૂહપહેડીનું આયોજન હાલને તબક્કે મુલતવી રાખેલ છે.

અતઃ આ વર્ષે ગુડીપડવાના પવિત્ર દિવસે પરંપરા જાળવવા આપણે બધા પોત પોતાના ઘરે, એક જ સમયે માતાજીની સ્થાપના કરી, ધુપ-દીપ અર્ચના કરી, નૈવેધ ધરાવી, જુહાર વિધિ પૂર્વક માતાજીની સામુહિક આરાધના કરવાનું નક્કી કર્યું છે.

આપ સૌ આપના ઘરે મંગળવાર તા. ૧૩-૪-૨૦૨૧ ના સવારના ૧૦.૩૦ વાગે માતાજીના ફોટાની પાટલા પર સ્થાપના કરી, ધૂપ-દીપ દ્વારા આવહાન કરી અર્ચના કરજો. શક્ય હોય તેઓ માતાજીન ગરબા ગાઈને પણ માતાજીને યાદ કરે. તે બાદ આપણે ઘરે માતાજીના જુહાર કરીએ છીએ તે પ્રમાણે જુહાર કરજો અને સૌ માતાજીને પગે લાગીને આશિર્વાદ મેળવશો. બરોબર ૧૧.૫૫ ક. માતાજીની આરતી મોતા પરિવારના વોટસઅપ ગ્રુપના માધ્યમે સ્થાનિકેથી જીવંત પ્રસારિત થશે. આપણે સૌ સાથે આરતી કરીશું. અને તે બાદ જુહાર માટે તૈયાર કરેલ શીરાનો પ્રસાદ લેવાનો છે. નિયાણીઓને પ્રથમ પ્રસાદ આપશો. ગાયના ભાગનો પ્રસાદ ગાયને ખવડાવજો અને સૌ પ્રસાદ વાપરીને માતાજીની જય બોલાવી આશીર્વાદ પામશો. **મા અંબાઈ સૌનું ભલું કરે એ જ પ્રાર્થના.**

લી. ટ્રસ્ટીઓના જય માતાજી

# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન

(ટ્રસ્ટ રજી. નં. A -857, કચ્છ)

ગામ લાલા, તા. અબડાસા, કચ્છ, 370640 મો. 9870070027

## વાર્ષિક સામાન્ય સભા (AGM)

**રવિવાર, તા. ૧૮.૦૪.૨૦૨૧ના બપોરે ૩ થી ૬ કલાકે**

**સ્થળ : શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવકુંજ, વાલજી લધા રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૮૦**

દરેક ગામ વાસીઓને સભામાં હાજરી આપવી.

**એજન્ડા - કાર્યસૂચી**

(૧) ગત સભાની તા. ૨૪ નવેમ્બર ૨૦૧૯ની મીનીટનું વાંચન અને બહાલી. (૨) ગયા વરસની પ્રવૃત્તિનો અહેવાલ (૩) વર્ષ ૨૦૧૯-૨૦, ઓડિટેડ હિસાબોની રજુઆત અને બહાલી/ મંજુરી (૪) વર્ષ ૨૦૨૦ -૨૧ માટે ઓડીટરની નિમણુંક (૫) લાલા ગામમાં આધુનિક સગવડતાવાળું અતીથીગૃહ તથા ભોજનશાળા બંધાવવા બાબત ચર્ચા વિચારણા તથા દેરાસરના ગંભારામાં તથા રંગમંડપમાં રીનોવેશનના કામ બાબત ચર્ચા વિચારણા (૬) નવી કારોબારીની રચના બાબત (૭) પ્રમુખશ્રીની સંમતીથી જે કાંઈ રજુઆત થાય તે.

**નોંધ :** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી એજ દિવસે અને એજ સ્થળે મળશે જેમાં કોરમની આવશ્યકતા રહેશે નહીં, જે નિર્ણયો લેવાશે તે માન્ય ગણાશે.

**સરકારી નીતી નિયમોનું પાલન કરવાનું છે. માસ્ક પહેરવું, સોશીયલ ડીસ્ટીંસીંગ રાખવું, સેનેટાઈઝર વાપરવું વગેરે**

એજન્ડા ઉપરાંતના સવાલો પ્રમુખશ્રીની મંજુરીથી ૮ દિવસ અગાઉ મોકલવા.

તા.૨૦.૩.૨૦૨૧ **લી. શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ, લાલા**

વેલેન્ટાઇન્સ ડે ના ઉપલક્ષ્યમાં ઘણાં મૈસેજસ આપણે વાંચ્યા હશે. પ્રેમ શું છે !!? એની મસમોટી વાતો થઈ હશે !! કસમો ખવાણી હશે ! પણ પ્રેમ ખરેખર કેવી રીતે ઝીલાય, ઝીરવાય અને જીવાય, એ જાણવું હોય તો ભારતીય પૌરાણિક પાત્રો તરફ દ્દષ્ટિ કરજો. મારાં મતમાં મીરાં, સીતા, રાજુલ અને રામથી ચડિયાતો કોઈનો જ પ્રેમ નથી !! એકે વણજોયેલા, માની બેઠેલા પતિ પાછળ ભક્ત થઈ, બીજાએ પતિ પાછળ મહેલો છોડ્યા અને ત્રીજાએ તો સંસાર જ છોડ્યો અને પોતાના નેમની પાછળ આજીવન સંતત્વ ની ''નેમ'' પાળી !! રામ, જ્યારે બહુ-પત્નીત્વ ચલણમાં હતુ એ યુગમાં એક-પત્નીત્વ ધારણ કરી પત્નીની માટે થઈને આવડો મોટો યુદ્ધ કરી ગયા, એ વાત નાની-સુની તો નથી જ ! આ પાત્રોની વાત માંડીયે તોય શીતળતાનો અનુભવ થાય, કારણકે સાચો પ્રેમ તો છે જ શીતળતાનું બીજું નામ !! જલાવે ..એ પ્રેમ તો નથી જ !

એક-બીજાની આંખોમાં જોતા રહેવુ આસાન છે, પણ બન્નેની દ્દષ્ટિ અને દ્દષ્ટિકોણ એકજ દિશામાં હોવુ એ વાત કઠિન છે કારણ કે એ પ્રયાસ અને ભાવાત્મક ઉંડાણ માંગી લે છે !

પતિની સાથે એની ચિતા પર મરવુંય આસાન નથી, પણ કોઈના માટે આમ જીવવું પણ આસાન નથી..! આટલી પ્રસ્તાવના જે મૂળ વિષય માટે લખી, એ વિષય છે મીરાં ! પ્રેમની જીવંત ગાથા-સમી મીરાં ! એટલે કલમ દ્વારા એમને નમન સાથે મારી વાત માંડું છું.

- લીના હિરેન લોડાયા ''ઇશાનયન''

## મૂર્તીમાં સમાયેલ કૃષ્ણમયી મીરાં... (મારી દ્દષ્ટિ અને દ્દષ્ટિકોણથી)

ભારતીય ઇતિહાસ એમ તો ઘણીય મહાન, આંતરિક અને બાહ્ય તેજથી પ્રચુર, ગૌરવશાલી સન્નારીઓથી ભરેલો છે જેમાંના અમુક સતીનું બિરૂદ પામ્યા. અને એમ તો બધાંય ઉત્કૃષ્ટ, પણ મને જે વધુ સ્પર્શ્યા એ છે મીરાં અને બીજા સીતા..!!!

આજે વાત મીરાંબાઈની અને એમની સાથે જોડાયેલી અખિલ બ્રહ્માંડની એક અજાયબીની !! એમનું જીવન તો આધ્યાત્મની દ્દષ્ટિએ ઉદાહરણીય હતું જ, પણ એમનું આ સંસારીક યાત્રાનું સમાપન (હાજી.. બધા મૃત્યુને મૃત્યુ ના કહેવાય !! It becomes an understatement !!!!) દુનિયાને અચંભિત કરનારૂ અને અદ્ભૂત હતુ. સીતાની જેમ જ !!!! આ બન્ને સતીઓનાં જીવન-યાપન કરતાં પણ જીવન-સમાપનની રીત એમને અન્ય સતીઓથી નોખા પાડે છે. અને મીરાંનુ તો જીવન પણ અનોખું ! બીજા સતીઓએ પતિને જોયા-પામ્યા હતા, મીરાંએ નહીં !!! સદેહે જેને મળ્યા તો શું, જોયા અને અનુભવ્યાએ નથી એને આવા આત્માનાં અણુ એ અણુથી ચાહવું એ કેવું અશક્ય જેવું છે સામાન્ય લોકો માટે !

સતીની સામાન્ય સંજ્ઞાનમાં પરિભાષા જોઇએ તો પતિની આજીવન સેવા કરતી અને એમના મૃત્યુ પર એનીજ ચિતા પર પોતે પણ અગ્નિસ્નાન કરી જીવન ટુંકાવતી સન્નારી એટલે સતી ! અને લગભગ સતીઓએ, અમુક અપવાદોને બાદ કરતા, આવુ જ કર્યુ અને સતી કહેવાણા. ભારતીય ઇતિહાસ આવી રત્ન-કણિકાઓથી ભરેલો છે ! પણ સીતા અને મીરાંનું અંત તો અખિલ બ્રહ્માંડની એક અનોખી ઘટના હતી. ''ન ભૂતો, ન ભવિષ્યતી'' એવી !

એકને ધરતીએ પોતાની કોખમાં પાછી લીધી અને બીજાને કૃષ્ણની પાષાણની મૂર્તીએ પોતાનામાં સમાવી લીધી. એમનું અણુએ અણુ એવી કક્ષાએ પહોંચેલુ હતુ કે પ્રકૃતિ કહો કે ભગવદ્ તત્વ કહો. સ્વયં એમને પોતાનામાં સમાવવા આવ્યા ! કેવુ અદ્ભૂત ! વિચાર કરતાય રૂંવાડા ઉભા થઈ જાય !!

મીરાં પર આવીએ તો તેઓ પ્રેમનાં જ નહીં, પણ આધ્યાત્મનાં ઊંડાણમાં ઉતરીને એનાં ચરમ શિખર પર પહોંચેલા માનવી હતા. (અને વાતમાં વચ્ચે મહાવીરનો અનેકાંતવાદ પણ આવશે, એટલે ધ્યાન થી વાંચશો. )

નાનપણમાં બારીમાંથી કોઇકની જાન જતી જોઇને માતાને પૂછ્યુ કે ''મારો પતિ ક્યાં !?''તો માતાએ તો બાળસહજ વાત સમજી અને ટાળવા માટે ગૃહમંદિરની કૃષ્ણની મૂર્તી તરફ ઈંગિત કરીને કીધુ '' આ તારા પતિ !'' બસ, પતી ગયું !! મા ના સહજ ભાવે કહેવાયેલા શબ્દોએ એવા તાર કૃષ્ણ સાથે એવા જોડ્યા કે મીરાંનાં એક હાથમાં તાનપુરો અને બીજામાં એનાં પતિની મૂરત ! પિયરીયાઓને અહસાસ જ નહોતો કે જેને એ મીરાંની બાળ-સહજ રમત માને છે, તે વાતે મીરાંના મનમાં આટલો ગંભીર આકાર લઇ લીધો છે ! તે લોકો તો કિશોરી મીરાંને પરણાવવાની તજવીજમાં લાગ્યા અને મેડતાનાં રાજકુંવરી કમને પરણીને મેવાડના રાણાને ત્યાં ગયા. સ્વભાવિક છે કે એમનાથી એક

પત્ની તરીકેના શારીરિક અને માનસિક કર્તવ્યોનાં વહનની આશા રખાય, કારણ કે મીરાં તો કૃષ્ણને વરી ચુક્યા હતા. જે સામાન્ય સંસારિક જીવો સમજી જ નહોતા શકતા ! સાસરીયાઓનાં પેગડામાંજ પગ નાખી ને જોઈએ તો તેઓ સાવ ખોટા નહોતા. વહુ હંમેશ પોતાનાં સંસારિક અને વ્યવહારિક કર્તવ્યોથી દૂર પોતાની જ દુનિયામાં મગન રહે તો એમને અને પતિને આમાં પોતાની અવહેલના લાગે એ બનવાજોગ છે. સાધુ –સંતોની સંગત કરે, જે આખરે તો પર–પુરૂષ કહેવાય, તો ઘરનાં ને અમુક હદ પછી સામાજિક દૃષ્ટિકોણથી પણ નીચાજોણુ થાય એટલે ન ગમે એ સ્વભાવિક હતુ. પણ મીરાં માટે કૃષ્ણ સિવાય કોઈ પુરૂષ, પુરૂષ હતા જ નહીં !! તેમના માટે તો એક વ્યક્તિ, કૃષ્ણ જ પુરૂષ હતા અને બાકી બધા સ્ત્રી !! અને ''સ્ત્રી'' પણ literal sense માં નહીં. પણ ભગવાન અને ભક્તની સેન્સમાં એટલે gender difference and conciousness એમને રહ્યુ જ નહોતુ ! આંતરિક સ્તર પર સમાનતા આવી ગયી હતી !

આખરે સાસરવાસ ત્યાગવો પડ્યો અને મીરાં સાધુઓની ટોલી સાથે ગલી–કૂંચીઓમાં સત્સંગ કરતા ! પણ સંસાર આ વાતને ન સમજયો એટલે ''એ તો સાધુઓ જોડે રખડે છે'' એવુ છીછરૂં એમના માટે બોલાતું ! પણ મીરાંને તો ક્યાં કાંઈ સંભળાતું !! સિવાય કૃષ્ણનાં નામે ! અનેક ભજનો સ્વયં–સ્ફુરણાથી રચતા–ગાતા મીરાંના પ્રેમનું સાતત્ય કેવુ અદ્ભૂત ! સદેહે દેખાતો નથી. જેને ક્યારેય સશરીર અનુભવ્યા નથી, એને આવા ઉંડાણથી ચાહવું અને પાછો એ ઉંડાણમાંય છેવટ સુધી કેવો સાતત્ય (perseverance) ! જરાય ઉતાર–ચડાવ નહીં ! અર્જુનને માછલીની આંખ સિવાય કાંઈ દેખાયુ નહીં એમ મીરાંનું પણ એક જ લક્ષ્ય કૃષ્ણ !! પછી એનાં રસ્તામાં આવતી બધી અડચણો એમને મનમાં register ના થઈ ! ઝેરનો કટોરો ય નહીં. અને સમાજનો તિરસ્કારે નહીં.. ! પથ કાંટાળ, તોય કેવી સહજતા, જાણે કે ગુલાબ બિછાવેલ કેડી પર ચાલતા હોય ..એવી !! છેવટ દ્વારકા પ્હોંચ્યા !! જ્યાં કોઈક મંદિર (કદાચ રણછોડરાય)માં ભક્તિનાં ચરમ શિખર પર પહોંચ્યા. સાથેના સંતોય બધા આંખો મીંચીને નૃત્યમાં મશગુલ હતા !! છેવટ ભક્તિનો પ્રવાહ થોડો શમ્યો, બધા પોરો ખાવા થોડા ઉભા, આંખો ખોલી અને જોયુ તો મીરાં ન દેખાયા. દેખાયું તો કૃષ્ણની મૂર્તી પર ફરકતો ફક્ત એમની ચુંદડીનો નાનો કટકો ! દુનિયાને સાક્ષી આપવા પ્રભુએ થોડો બહાર રાખ્યો ! મીરાંના પ્રેમનાં અખંડ દીવડાની હૂંફાળી આંચે પ્રભુને પત્થરની મૂરતમાંથી બહાર આવીને સ્વમાં સમાવવા આતુર કર્યા ! અને જેમ ચમત્કાર ને નમસ્કાર છે એમ, સંસારનીય આંખો ઉઘડી, જેને ઘેલી અને તુચ્છ સમજ્યા એની બધી વાતો, ઘટનાઓનો દુનિયા હવે ખરો તાગ અને તાલ મેળવવા લાગી. એમનાં વર્તન પાછળનું કારણ અને નિષ્કપટતા સમજાણી ! બાકી હતુ એ મીરાંના કાવ્યોએ પૂરૂં કર્યુ અને સંસારની જે રીત છે કે મહાન વ્યક્તિત્વોનાં જીવન–સમાપન પછીજ એમની ખરી કદર કરવી, એમ મીરાંનેય ખરું સન્માન એમનાં અંત પછી મળ્યું. પણ મીરાંને તો જીવતેજીવ પણ માન– અપમાનની ક્યાં દરકાર જ હતી !! અને હવે તો એમેય તેઓ આ બધા થી દૂર એમનાં ''અનંત''માં સમાઈ ગયા હતા !!!

– લીના હિરેન લોડાયા ''ઈશાનયન''

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. – તંત્રી મંડળ

### હાલાર તીર્થ દર્શન

સુંદર સેવક ભરૂડિયા; વસે દાદા આદિનાથ

જામનગરથી ૫૦ કિ.મી.ના અંતરે વસેલું છે સુંદર સેવક ભરૂડિયા ધામ. જ્યાં મૂળનાયક દાદા આદિનાથના વરસે આશીષ અનરાધાર.

ગામની ગાથા ૧૯૫ વર્ષ પહેલાં શરૂ થાય છે જેનો પાયો નાખ્યો સામત મુરજી દંડ શ્રેષ્ઠિએ. એવી નોંધ સાથે શ્રી પાર્શ્વ આલેખે છે કે ધુલ્લા પરિવારના નરપાણીના નામે સેવક ભરૂડિયા થયું. પાછળથી રણજીતસિંહ ગાદી નશીન થતાં તેમણે આ ભોગવટો રદ કરી બધા ગામો પોતાના રાજ્યમાં વિલીન કર્યા.

સને ૧૯૯૪માં. પ. પૂ. સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રી મ. સા. તથા દેવરક્ષિતા શ્રીજી મ.સા. ના ભરૂડિયા ચાતુર્માસ દરમિયાન જિનાલય નિર્માણની પ્રેરણાથી આદિનાથ જિનાલયનું નિર્માણ થયું જેની વર્ષગાંઠ મહાવદ ૧૮ ના દિને ઉજવાય છે.

**માહિતી સૌજન્ય : ચેતનભાઈ લહેરચંદ નાગડા નલિયા**

આરોગ્ય
પ્રકાશ

# આહારમાં તેલ ક્યું વાપરશો ? ભાગ ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



રિફાઈન્ડ તેલ : રિફાઈન્ડ તેલના પ્લાન્ટ શરૂ થયા પછી ઘણી કંપનીઓ બજારમાં આવી. ધીરે ધીરે આ બધી કંપનીઓએ ભરમાવી દે એવી જાહેરખબરોનો મારો ચાલુ કરી લોકોને ઉંધે રવાડે ચડાવી દીધા અને તેલની ઘાણીઓ બંધ થવા લાગી. વિદેશી કંપનીઓએ પોતાન તેલ વેંચવા આરોગ્યદાયી ઘી ને પણ બદનામ કર્યું. દેશી તેમજ વિદેશી કંપનીઓએ પોતાના તેલની ખોટી વિશિષ્ટતાઓ અને શ્રેષ્ઠતા, 'હૃદય માટે હેલ્ધી, કોલેસ્ટ્રોલ ન વધે.' એવી મોટી મોટી જાહેરાત કરી. લોકોના આરોગ્ય સાથે ખિલવાડ શરૂ કર્યો. ગંધ વગરનું, ટેસ્ટ વગરનું, રંગ વગરનું તેલ એટલે કે રિફાઈન્ડ કરેલ તેલ બનાવવા તેને ખૂબ ઉંચા તાપમાને તપાવવામાં આવે છે. હેકઝીન, નિકલ, સોડિયમ હાઈડ્રોકસાઈડ જેવા ખતરનાક કેમિકલની મદદથી બનાવવામાં આવે છે. હેકઝીન બહુ ઝેરી કેમીકલ છે અને થોડા પ્રમાણમાં તેલમાં રહી જ જાય છે અને એ તેલ લેવાથી મગજ અને જ્ઞાન તંતુઓને નુકસાન થાય છે. નિકલ કેમીકલ ભળવાથી શ્વસનતંત્ર, લીવર, ચામડી પર કાર્સીનોજેનિક (કેન્સરને પ્રોત્સાહન) અસર અને બીજી સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. સોડિયમ હાઈડ્રોકસાઈડ તેલમાં ભળવાથી પાચનતંત્રને અસર થાય છે, પાચન બગડ્યું એટલે આરોગ્ય બગડવાનું જ. DMPS નામના એન્ટીફોમિંગ તેલમાં ઉમેરવામાં આવે છે, તે પણ આરોગ્યને નુકસાન કરે. ઉંચા ઉષ્ણતામાને તપાવવાથી તેલના બધા કુદરતી અનેં સારા તત્વો નીકળી જાય છે, ટ્રાન્સફેટ વધી જાય છે. ટ્રાન્સફેટ હૃદયને નુકસાનકર્તા છે, પાચનની અને શ્વસનતંત્રની બિમારી થાય છે. ક્રોનિક બિમારી જેવી કે જાડાપણું, હૃદયરોગ, કેન્સર, ડાયાબીટીસ વગેરે ટ્રાન્સફેટને લીધે થઈ શકે (આઈસ્ક્રીમ, કુકીઝ, બિસ્કીટ, માર્ગરિન વગેરેમાં ટ્રાન્સફેટ ઉમેરવામાં આવે છે જે ખાવાથી  આરોગ્ય બગડે છે.) ઉપર જણાવેલ બધા કેમીકલ્સ આ ક્રિયા દરમ્યાન તેલમાં ભળે છે. તેલ બગડે નહીં એટલે કે સેલ્ફલાઈફ વધે (ટકી રહે) ખોરું ન થાય તે માટે તેલમાં TBHQ નામનો પ્રિઝરવેટીવ ઉમેરવામાં આવે છે. જેનાથી અલ્સર, ગેસ્ટોએન્ટ્રાયટ્રીસ જેવી તકલીફો થાય છે. ભલે કંપનીવાળા છેતરામણી જાહેરાતો કરે. 'હાર્ટ હેલ્ધી, આરોગ્યદાયી, નો કોલસ્ટ્રોલ' પણ રિફાઈન્ડ તેલ હૃદય માટે, આરોગ્ય માટે, ધીમા ઝેર સમાન છે. મોડું - વહેલું હાર્ટની નળીઓમાં બ્લોકેજ થઈ હાર્ટ એટેક આવે જ. આમ કોઈપણ રીતે રીફાઈન્ડ તેલ આરોગ્યદાયી નથી અને નથી જ. આપણે એ વાપરીને મોત તરફ ધકેલાઈએ છીએ.

ઘાણીનું તેલ : ઘાણીનું તેલ અમુક જગ્યાએ આપણી નજર સામે કાઢી આપે છે, બેસ્ટ ઓપસન છે. તેલ કાઢવાનું મશીન જે ૧૫ થી ૨૦ હજાર સુધી મળે છે. તે વસાવવું. શરૂમાં આ ખર્ચ મોંઘુ લાગશે પણ જો રિફાઈન્ડ તેલ ખાઈને હાર્ટ પ્રોબ્લેમ, ડાયાબીટીઝ, જાડાપણું, કેન્સર, સંધીવાત, કિડીનીની બિમારી થાય તો ફક્ત એન્જીયોગ્રાફી કરાવવાના ૧૦-૧૨ હજાર એક વખતના થઈ જાય છે. આ ઉપરાંત આ કોઈપણ તકલીફ માટે ગોળીઓ, તપાસના જ ખર્ચાઓ ઉપરાંત ઘૂંટણ બદલવાના ઓપરેશન, કેન્સરની સર્જરી, ડાયાલીસીસ, એન્જીયોપ્લાસ્ટી, બાયપાસ વગેરેના ખર્ચા તો અલગથી અને જીંદગીભરની આ બિમારીઓની પીડા અલગ જ. એ જોતાં તો તેલ કાઢવાના મશીનનો ખર્ચ તો કાંઈ જ નથી. મશીનથી તેલ કાઢવું એ મહેનત માગી લે છે. પણ એ તો આવી કોઈપણ બિમારીઓ લાગુ પડે તો સારા થવા મહેનત કરવી જ પડે છે, બાકી કચ્છી ઘાણીનું તેલ કહી નકલી તેલ વેચવાવાળા પણ હશે તેથી આંખની સામે જ તેલ કાઢી આપે તે જ ખરું. ઘરે બનાવેલ ઘી માં જે વસ્તુ તળી શકાય ત્યાં ઘી જ વાપરવું. (દેશી ગીરની ગાયનું ઘી ઉત્તમ) દૂધાળુ પશુઓને 'ઓકસીટોસીન' ઈંજેકશન અપાય છે પણ આપણે તે રોકી શકતા નથી.

તળેલા પદાર્થ જેવા કે ફરસાણ, વેફર, પુરી, ભજીયા વગેરે ખાવામાં આનંદ આપે છે. પણ તે આરોગ્યદાયી નથી, તળવાથી પૌષ્ટિક તત્વો નાશ પામે છે. વધુ તાપમાને તળવાથી (બટેટા વેફરને ખૂબ ઉંચા તાપમાને જ બનાવાય છે.) તેમાં ટ્રાન્સફેટ વધે છે જે આરોગ્યદાયી નથી તેમજ કેન્સરકારક બને છે તળ્યા પછી વધેલું તેલ આપણે પાછું તળવા માટે વાપરીએ છીએ એ કેન્સરકારક બને છે તળેલા પદાર્થને પચતા ૫ થી ૬ કલાક લાગે છે. અને હજીએ પદાર્થ

પચ્યા ન હોય અને ૩-૪ કલાકમાં જ પાછું ખવાય છે એટલે ન પચેલા પદાર્થોનો આમ તૈયાર થઈ આરોગ્યની સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. ગેસ, અપચો, ભૂખ ન લાગવી, આમવાત, એસીડીટી, અશક્તિ, થાક જેવી અનેક સમસ્યા થાય, એટલે તળેલા પદાર્થ કે વધુ તેલવાળા શાક બને તેટલા ઓછા લઈએ. તેથી સારા કાચા ખાઈ શકાય તેટલા કાચા ખાવ, બાફેલા પદાર્થો સુપાચ્ય અને એટલા જ સ્વાદિષ્ટ હોય છે ઘાણીનું તેલ હોય તો પણ તેલ ઓછું વાપરી તેને સ્થાને દેશી ગાયના ઘીનો ઉપયોગ કરો. બજારુ નાસ્તા, પેકેટસ, ફાસ્ટ ફૂટ, હોટલના પદાર્થ ત્યજો, ધંધો કરવાવાળા કે હોટલવાળા જે તેલ સસ્તું પડે તે વાપરે તે લોકોને પોતાના નફા આગળ આપણા સ્વાસ્થ્યની જરાય ચિંતા નથી. પામ ઓઈલ (પામોલીન) ટ્રાન્સફેટ જેવા સસ્તા પદાર્થ એ લોકો વાપરે છે. જે લાંબે ગાળે અનેક બિમારીઓ આપે છે.

શરીરમાં ઓમેગા - ૩, ઓમેગા - ૬ બનતા નથી, આ નિશ્ચિત પ્રમાણમાં શરીરને મળવા જોઈએ. એન્ટી ઓક્સિડન્ટ, વિટામીન, ખનીજો અને ચરબી પણ શરીરને યોગ્ય પ્રમાણમાં મળવા જોઈએ. આ માટે તલ ટોપરું, નાળિયેર, શીંગ ચાવીને ખાવ. ડાયાબીટીઝ ન હોય તો સાથે ગોળ પણ લઈને ચાવીને ખાવાની મજા લ્યો. સ્વાદિષ્ટ લાગશે. તલ ગોળના લાડુ મિક્સચરમાં બનાવીને ખાવ.

દાંતની તકલીફ હોય તો તલ ટોપરું મિક્ચરમાં ખમણ બનાવ્યા બાદ ગોળ સાથે ચાવીને ખાવ. ડ્રાયફ્રુટ સાથે ૫-૬ દાણા શીંગદાણાના પણ ભીંજવીને ખાવ, ડાયાબીટીઝ હોય તેમણે તલ, ટોપરું અને શીંગદાણા સાથે કિસમિસ અંજીર, ખજુર ખારેક વગેરે લઈ શકાય. આ સર્વે ચીજો કાચી ચાવીને ખાવાથી દાંત, પેઢા, સ્નાયુઓને કસરત મળશે અને મજબૂત થશે. તેમજ આ તેલ મોંમા ફરવાથી દાંત, મોઢાનું સ્વાસ્થ્ય સારું રહેશે, અને રિફાઈન્ડ તેલમાંના કેમિકલ પ્રીઝવેટીવથી આપણે બચીશું. આરોગ્ય સાચવવું હોય તો રસ્તા ઘણા છે. બાકી બગાડવા માટે તો તૈયાર પેકેટોથી મોલ અને માર્કેટ ભરેલા પડ્યા છે.

ઘી : આપણે તેલની વાત કરીએ છીએ ત્યારે ઘી વિશે ચર્ચા અસ્થાને નથી જ, ઘી પોષક તત્વોથી ભરપુર છે. આરોગ્યદાયી છે. એનો ખાવા, તળવામાં અને બાહ્ય રીતે - નાકમાં ટીપા (નશ્ય) અને પગના તળિયે ઘસવું વગેરે કરીએ. જુના જમાનામાં ઘીનો વપરાશ બહુ જ હતો અને એ યોગ્ય અને આરોગ્યદાયી હતું પણ તેલની કંપનીવાળાઓએ પોતાના તેલ વેચવા ઘીને બદનામ કર્યું પણ હવે લોકોને તેની કિંમત સમજાય છે. આપણા સમજદાર વડીલો, વૈદ્યો, આયુર્વેદિક તજ્ઞો કહેતાં આવ્યા છે કે 'દેવું કરીને પણ ઘી પીઓ.' એ અમસ્તા જ નથી કહેવાયું. હવે વિદેશની સુપર માર્કેટોમાં કલેરીફાઈટ બટ્ટર ના નામે ઘી ખુબ વેચાય છે. ઘીમાં સેચ્યુરેટેડ ફેટ છે પણ જયારે ખોરાકમાં રહેલ ખાદ્ય ફાયબરનું આંતરડામાં ફરમેન્ટેશન થાય છે. ત્યારે ઘીથી 'શોર્ટ ચેઈન ફેટી એસિડ' ઉત્પન્ન થાય છે. જે બળ - એન્ર્જી માટે શરીરમાં તરત જ વપરાય છે. આ ફેટીએસિડ પાચનમાં મદદ કરે છે જે પ્રોબાયોટીક જેવું કામ કરે છે, આંતરડામાં મિત્ર જેવા બેકટેરિયાને વધારવાનું કામ કરે છે. રિફાઈન્ડ તેલમાં રહેલી પ્રાણીજ ચરબી 'લોન્ગ ચેઈન ફેટી એસિડ' હોય છે જે આરોગ્ય માટે નુકશાનકારક છે. ઘી, તૈલી પદાર્થોમાં સૌથી શ્રેષ્ઠ છે. ૨૫૦ ડિગ્રી જેટલું તપાવીએ ત્યારપછી જ એ નુકશાનકારક થાય પણ ખાવામાં, તળવામાં એટલું તપાવવું જ નથી પડતું. જમણમાં ઘી ઉમેરવાથી ખોરાકની ગ્લાયસેમિક ઈન્ડેકસ ઓછી થાય છે. જે ખોરાક ખાવાથી ડાયાબીટીઝ થવાની શક્યતા ઘટે છે અને જેને ડાયાબીટીઝ હોય તેનું ડાયાબીટીઝ ઘટે છે. ડાયટરી ફાયબરનું બ્યુટેરિક એસિડમાં રૂપાંતર થાય છે. અને ઘી માં બ્યુરિક એસિડ હોવાથી પાચનનું કામ સહેલું થાય છે. ઘી એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર છે, ચરબીમાં ઓગળતા વિટામીન 'એ' 'ડી' 'ઈ' અને 'કોન્જયુગેટેડ લિનોલીક એસિડ' ને લીધે હાર્ટ - હેલ્ધી છે. ઘી માં ઓમેગા ૩ હોય છે જે હાર્ટ, સાંધાઓ માટે ખૂબ જ ઉપયોગી છે. તાકાત માટે સ્નાયુ વધારવા, સાંધાની તકલીફ ઓછી કરવા, ચામડીની સમસ્યામાં, વ્યંધત્વમાં, હોર્મોનલ ઈમ્બેલેન્સમાં, મગજના ટોનિક તરીકે આ સર્વ માટે ઘી ખાવું ઉત્તમ છે. ઘીને કાચની બરણીમાં કે સ્ટીલની બરણીમાં ઠંડી જગ્યાએ બરાબર કાળજીથી રાખીએ તો એની Expirey Date નથી હોતી. ઘરે બનાવેલ ઘી રોજ ૩ થી ૪ ચમચી (વધુ ઉમરના અને પાચન નબળું હોય તેમણે ઓછું લેવું) રોજ ખોરાકમાં લેવું જ. નકલી ઘી અને ડાલ્ડાનો ઉપયોગ બિલકુલ જ કરવો નહીં.

આમ આપણે જોયું કે રિફાઈન્ડ તેલ, પામતેલ, ડાલ્ડા - વનસ્પતિ ઘી, ટાન્સફેટ આરોગ્ય માટે ખૂબ જ હાનીકારક છે તેથી આ અને આ તેલમાં બનેલ બજારૂ, હોટલનો ખોરાક અને ખાદ્ય પેકેટસ ત્યજો નજર સામે કાઢેલ ઘાણીનું તેલ ઉત્તમ છે છતાં વાપરવામાં વિવેક જાળવવો આરોગ્યદાયી. કોઈ તેલમાં ઓમેગા - ૩ ફેટી એસિડ (આરોગ્યદાયી) વધુ

તો કોઈ તેલમાં ઓમેગા - ૬ વધુ (એનાથી શરીરમાં કાયમનો સોજા ઉત્પન્ન કરે જે વિવિધ બીમારીઓ જેવી કે હૃદયરોગ, કેન્સર, સંધિવાત, જાડાપણું, આંતરડામાં સોજા, કીડનીની બીમારી થઈ શકે). તલ તેલમાં બન્ને સપ્રમાણ છે. રાઈના તેલમાં ઓમેગા - ૬ ઓછું છે. કોઈ તેલમાં સેચ્યુરેટેડ ફેટ વધુ હોય તો કોઈ તેલમાં અનસેચ્યુરેટેડ ફેટ વધુ. સિંગતેલ પ્રમાણમાં ખવાય તો વજન વધવાની શક્યતા ઓછી. કોપરેલ તેલ વધુ પ્રમાણમાં લેવાય તો વજન વધે. આમ કોઈપણ તેલ ૧૦૦% આરોગ્યદાયી નથી એથી જ શક્ય તેટલો તેલનો ઉપયોગ ઘટાડો. આમ ડૉક્ટરો પણ એક જ પ્રકારના તેલને બદલે દર વખતે પ્રકાર બદલતાં રહો એમ સલાહ આપે છે જેથી વારાફરતી સારા તત્વો અલગ અલગ તેલમાંથી મળે અને એક જ તેલના ખરાબ તત્વો શરીરમાં વધ્યા ન કરે આમ આ સંપૂર્ણ ચર્ચાનો સાર એ છે કે ઘરમાં બનાવેલ ઘી ઉત્તમ, ઘાણીનું તેલ સારું, ઘાણીનું તેલ ન મળે તો ફિલ્ટર્ડ તેલ વાપરવું. તલ તેલ, કોપરેલ તેલ, રાઈ તેલ અને સીંગતેલ વારાફરતી વાપરો અને તે પણ શક્ય તેટલું ઓછું વાપરો અને પામ તેલ, કપાસીયા તેલ, રાઈસ બ્રાન ઓઈલ, સુરજમુખી તેલ, વનસ્પતિ ઘી બિલકુલ ન વાપરો. આજકાલ ૩૦-૪૦ વર્ષના યુવાનોને પણ હાર્ટએટેક, જાડાપણું, ડાયાબીટીઝ, કિડનીની તકલીફ, કેન્સર જેવી ખતરનાક બિમારીઓ બીજા કારણો સાથે રિફાઈન્ડ તેલ, પામ ઓઈલ, ટ્રાન્સફેટ અને એનાથી બનાવેલ બજારૂ ખાદ્યના ઉપયોગને લીધે થાય છે એનો જેટલો ત્યાગ કરીશું એટલું આપણું આરોગ્ય જળવાશે. બની શકે તો તળેલી ચીજોનો મોહ છોડી કાચા, બાફેલા કે તેલ વગરના ખાદ્ય વધુ લ્યો. તલ, ટોપરું, શીંગ, નાળિયેર કાચે કાચા ચાવો કે ખમણીને વ્યંજન બનાવીને ઉપયોગમાં લ્યો જેથી કેમિકલ, પીઝરવેટીવથી બચી જઈએ અને આપણું આરોગ્ય પણ જળવાય.

## ભલારા દાદાનો પાઠ... સાંજે જ કેમ...???




આજથી લગભગ ૭૮ દાયકા પૂર્વે આપણાં પૂર્વજો વડીલોનો વ્યવસાય ઉદ્યોગનો સમય બહુજ મર્યાદિત રહેતો હતો. સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ અને બપોરનાં ૨:૦૦ થી ૬:૦૦ સુધીજ વ્યાપાર કરતા'તાં. તો બપોરનાં ૧૨:૦૦ થી ૨:૦૦ સુધી મધ્યાહન ભોજન અને વિશ્રામનો રહેતો. સાંજનાં ૬:૦૦ પછી નિરાંત જ નિરાંત...! એ વખતે બધાને ત્યાં ગૌધન ઘર આંગણે હાજર જ રહેતું'તું. સૂર્યાસ્ત સમયે સાંજનાં સીમાડેથી ધૂળની ડમરીયો ઉડાળતાં, ઘર તરફ આવતાં ગૌધનનાં દર્શન, ગૌરજ બેલાએ શુભ શુકન હોય છે ! તો સમી સાંજે નદી તળાવથી આવતી પનહારીયોનાં દર્શન પણ ખુબજ શુકનવંતા હોય છે. આવા સાંજનાં સમયે બધાનાં ઘરે તાજુંતાજું ગૌદૂધ, ગૌમૂત્ર, ગૌછાણ અને ચોખ્ખું અબોટ પાણી સહજતાથી મળી રહેતું. તેમજ સાંજનાં કોઈપણ કામ કે ઉતાવળ ના રહેતાં પાઠ માટે ઉપયુક્ત સમય ગણાતો'તો. તેમજ આ કાળમાં જૈનધર્મ પ્રત્યે આપણી જ્ઞાતીમાં ખુબજ શિથીલતા હતી. રાત્રિભોજન પ્રત્યે વિશેષ સમજ નહોતી. માટેજ પર્યુષણનાં દિવસોમાં સુદ્ધા રાત્રી જાગરણમાં ચાય નાસ્તાનું ચલણ હતું. તેથી જ એ વખતમાં સૂર્યાસ્તના સમયે સાંજે પાઠ મુકાતો હતો.

પરંતુ હવે સમય બદલાયો છે ૯૦નાં દાયકાથી રાત્રિભોજન બાબતે જ્ઞાતિમાં સજગતા આવી છે. જૈનધર્મ પ્રત્યે લાગણીભાવોમાં અનેરો વધારો થયો છે. રાત્રી જાગરણમાં નાસ્તા પાણીની વ્યવસ્થા પણ સદંતર બંધ જ થઈ ગઈ છે, તેમજ પૂર્વે પ્રમાણે હવે કોઈનાં ઘરે ગૌધન ઉપલબ્ધ નથી, જેથી તાજાં ગૌદૂધ, ગૌમૂત્ર, ગૌછાણ તેમજ પાણી પણ નળનું વાસી હોવાથી પાણી પણ તાજું નથી મળતું. બધુંજ સવારનાં લઈને રાખવું પડે છે (જે ખરેખર તો આગલા દિવસનું જ હોય છે). તેમજ જેઓ રાત્રિ ભોજનનાં ત્યાગી છે / બાધા છે, તેઓ પાઠની પ્રસાદીથી વંચિત રહે છે.!

માટે જ હવે સમય પાકી ગયો છે કે પાઠ / પહેડી-પ્રસાદનો સમય સાંજનાં બદલે બપોરનાં રાખવું ઉચિત ગણાશે, જેથી જૈનધર્મનું પાલન પણ થશે અને રાત્રિ ભોજનનાં પાપથી પણ બચી જવાશે...!

તો સુજ્ઞ જ્ઞાતિજનો / ભાવિકો કરો વિચાર અને અમલ કરો. તુરંત જ...! એક વાત હમેંશા ધ્યાન રાખો કે એક ધર્મનું પાલન કરતાં કરતાં બીજાં ધર્મની અવગણના તો ના જ થવી જોઈએ.

- મહેશ કાંતિલાલ ભવાનજી મોતા
(જલગાંમ કુવાપદ્ધર)
મો. નં.: ૯૪૦૪૪ ૯૨૮૩૦

પાના નં. ૩૭નું અનુસંધાન **વહાણ બાંધકામમાં વિશ્વવ્યાપી નામના – માંડવી**

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં કચ્છના મહારાઓની સૂચનાથી 'શાહી ગાંજો' (ગંજાવર કોટિયો) બનાવાયો હોવાનો ઉલ્લેખ પુરાણા લેખમાં જોવા મળે છે. વહાણ બાંધકામ માટે સદીઓથી માંડવી આગવું માન-સ્થાન ધરાવી રહ્યું છે. મહાકાય અજગર મોટા એરૂને ગળી જાય તેવી દશા સ્ટીમર યુગમાં દેશી વહાણવટાની સર્જાઈ છે. સમય અને શક્તિના બચાવ અર્થે સ્ટીમરો સામે દેશી વહાણવટુ અસ્તિત્વ માટે ઝઝૂમી રહ્યા છે. તેવા સમયે અહીં સાગર સરિતાના સંગમ સ્થળે સંભવિત એક નવો ઇતિહાસ અંકિત થઈ રહ્યો હોવાની શક્યતા મળી છે.

અઢારેક વર્ષ અગાઉ બ્રિટિશ નાગરિક સાહસિક એન્ડરસન બેકવેલએ અહીં પસંદગી ઉતારીને ખાસ ડિઝાઇનવાળું સંજીદા ક્રુઝ જેમની કલા કસબ વડે નિર્માણ કરાવ્યું હતું તે ૭૩ વર્ષીય ઈબ્રાહીમ ઈસ્માઈલ મિસ્ત્રીએ કરેલા દાવા મુજબ એક વર્ષની તવારીખમાં નવું પાનું ઉમેરતું સૌથી લાંબુ વહાણ નિર્માણાધીન છે. દુબઈના મોટા ગજાના સાહસિકની માલિકીવાળુ ખાસ ડિઝાઇન વાળું વહાણ ઓવરઓલ ૨૦૬ ફૂટ લાંબુ અને ૧૮ ફૂટ ઉંચાઈવાળુ હશે. એકાદ વર્ષમાં સાગર ની સફર ખેડવા સજ્જ – ધજ્જ થનારા સદર વહાણની ઊંચાઈ અને પહોળાઈ વધુ સ્પીડના હેતુસર ઓછી રખાઈ છે. જેમાં બેહજાર હોર્સ પાવરની શક્તિવાળા એન્જિન હશે. માંડવી અને સંભવત કચ્છમાં ૧૬૬ ફૂટ પઠાણવાળું એ વહાણ લોંગેસ્ટ હોવાનો દાવો કરનારા ઇબ્રાહીમભાઇ મિસ્ત્રીએ ઉમેર્યું હતું કે ખાસ ડિઝાઈનવાળા આ જહાજમાં આઠ બોટો સમાઈ શકશે અને મધ્યમાં ક્રેનનું સ્થાન હશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અહીં લેબર કોસ્ટ ઓછી અને ઊંચી ગુણવત્તાવાળું લાકડું પરિવહન કરીને આરબ દેશોમાં વહાણ નિર્માણ કરાવવું ડહાપણભર્યું નહીં હોવાથી આરબ સાહસિકો અત્રે આકર્ષાયા છે. આ સાથે અહીં વહાણબાંધણી કલા-કસબ, શાનદાર-જાનદાર તરીકે પ્રતિષ્ઠા ધરાવે છે. અપાતી વિગતો પ્રમાણે સમયસર અને પર્યાપ્ત રખરખાવ લેવાય તો વહાણની આવરદા સામાન્ય રીતે ૫૦-૭૦ વર્ષની રહે એ મોટી વાત નથી.

હવે ઉચ્ચ કોટીવાળા લાકડા (સાલ સાગ સિસમ) ની અછત અનુભવાય છે. બજેટ દિવસો દિવસ વધતું જાય છે. સ્ટીમરો મારફતે માલ પરિવહન ઝડપી અને મોટા જથ્થામાં થવાને પરિણામે વહાણ ઉદ્યોગ સામે ક્યારે નહોતો એટલી હદે પડકાર છે. એક વેળા એ અઢીસો ત્રણસો કે તેથી પણ વધારે અહીંના વહાણો દરિયો ખેડતા, તેની સામે હવે આંકડો ઘટતો જઈ બે અંકે પહોંચી ગયો છે. એક વહાણ નિર્માણ પાછળ ૨૦-૨૫ હેલ્પરો, ૨૦-૨૨ કારીગરો રોજગારી મેળવે છે. આ વ્યવસાયમાં સીધી કે આડકતરી રોજગારી મેળવનારા સેંકડો પરિવારોના જીવન નિર્વાહ અર્થે અનામત કારગોની માંગ સમય સમય પર ઉઠતી રહી છે.

આવા વહાણોના મોરા પર ગરૂડનું મુખ મૂકવામાં આવે છે. વહાણ તરફે વળતાં ગરૂડ મુખ, તેની ડોક આસપાસ સાંકળની કોતરણી એ કોટીયાની પ્રથમ દ્રષ્ટિએ પહેચાન આપે. ઝંઝાવાતો, તોફાનો સામે ઝઝૂમવાની અને સમતુલા જાળવવાની ક્ષમતા, સામે પવને ગતિ કરવાની ગુંજાઈશમાં કોટીયા આગવી પ્રતિષ્ઠા ધરાવે છે. પહેલા ૨૦૦ની ક્ષમતાવાળા વહાણો સામાન્ય મનાતા, હવે અહીં ૫૦૦-૭૦૦ -૧૦૦૦-૧૫૦૦ થી ૨૦૦૦ ની ક્ષમતાવાળા વહાણો નિર્માણ પામી શકે છે. લાખોની કિંમતે બંધાતા વહાણોનો આર્થિક તાળો હવે કરોડો ઉપર પહોંચ્યો એ મોટો પડકાર છે.

ગંજો-કોટિયો, ધંગી-ધાઉ, ભતેલ, બ્રીગ, બતેલો, બોટ, હોડી, તર, મછવો વગેરે પરંપરાગત બનાવટોમાં હવે ધરમૂળથી તબદીલી આવી છે. પશ્ચિમીકરણનો આવિષ્કાર સમયનો તકાજો છે. એક સમયે પેટોડીયા, રસોઈયા તરીકે રોજી મેળનારાઓ પૈકી કેટલાક હવે વહાણ માલિકી ધરાવતા થયા છે. અહીં એકાદ ખત્રી પરિવાર, ત્રણ-ચાર સુમરા પરિવારો સહિત અડધા ડઝન આસપાસ વહાણ બાંધકામમાં પ્રવૃત છે. ઠાકરા, સમા જ્ઞાતિ હવે ધીમે ધીમે આ વ્યવસાયમાંથી પાછા પગ માંડતી જોવાય છે.

જમીન, રેલ્વે માર્ગ માલ પરિવહન સામે જળમાર્ગ સસ્તો -સલામત હોવા છતાં જળમાર્ગે પરિવહન તરફ પર્યાપ્ત અને અપેક્ષિત દરકાર નહીં લેવાતી હોવાના નિસાસા સાહસિક સાગરખેડુઓ નાખી રહ્યા છે ત્યારે સદીઓથી દેશ-પરદેશના બંદરો તરફનો દરિયો ખુંદવા માટે પરંપરાગત વહાણવટા ને પ્રોત્સાહિત પ્રલોભીત કરવા માટે સરકારે જરુરી પગલાં ઉઠાવવા જરુરી છે.

(અમારી જાણકારી પ્રમાણે આપણી જ્ઞાતિના નામો અહીં લખેલ છે, હજી પણ કોઈ નામો શરતચુક થી રહી ગયેલ હોય તો જણાવશોજી).

શ્રી ભદ્રિક પુનશી માણેકજી મૈશેરી
મૂળ ગામ : માંડવી,
હાલે : ગાંધીધામ - કચ્છ
મો. ૯૮૨૫૨૨૫૦૩૭



શ્રી ભદ્રિકભાઈ તેમના ગામ માંડવી મધ્યે બંદર રોડ પર આવેલા શ્રી અજિતનાથજી જૈન દેરાસર માં છેલ્લા ઘણા સમયથી સતત ટ્રસ્ટીપદે તેમજ જ્ઞાતિ મહાજન માં પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ શ્રી ક.દ.ઓ.ભુજ જ્ઞાતિ મહાજન ના પ્રમુખ તરીકે ૧૫ વર્ષ સુધી સતત સેવા આપેલ. તેઓ શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ ના કારોબારી સભ્ય તરીકે પણ રહી ચૂકેલા છે. હાલમાં તેઓ શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ ના કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે.



શ્રી ભદ્રિકભાઈ ૨૦૧૩ માં ભુજ મૂકી ગાંધીધામ મધ્યે સ્થાયી થયેલ. તેઓ ભુજમાં વ્યવસાયે ટ્રાન્સપોર્ટ બિઝનેસ સાથે સંકળાયેલા હતા. હાલમાં તેમના પરિવારમાં તેમના ધર્મપત્ની શ્રીમતી શિલ્પાબેન મૈશેરી, તેમના સુપુત્ર CA જીગર મૈશેરી, પુત્રવધુ વિરાલી મૈશેરી (ક્લીકટ) તેમજ પૌત્રી માયરા મૈશેરી સાથે ગાંધીધામ મધ્યે રહે છે.

## શ્રીમતી પ્રીતી ખોનાનું બહુમાન



બારોઈના ગદગવાસી મહિલા સાહસિક શ્રીમતી પ્રીતી પ્રદીપ ખોનાને આંતરરાષ્ટ્રિય મહિલા દિન નિમિત્તે ગદગ ડિસ્ટ્રીકટ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની મહિલા પાંખ દ્વારા હોટલ ઉદ્યોગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરીના સંદર્ભે 'એન્ટરપ્રેન્યોર ઑફ ધ ઈયર' સન્માન એનાયત કરાયું છે. અભિનંદન.


**શ્રી જીરાવાલા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા**

**પૂજારી માટે નોકરી ખાલી છે**

અમારા તેરા કચ્છ સ્થિત જૈન દેરાસર માટે પૂજારીની જરૂર છે. પતિ-પત્ની બંને હશે તો બંનેને કામ તથા રહેવાની સુવિધા મળશે. ગુજરાતી લખતાં વાંચતા આવડવું જરૂરી

**સંપર્ક 90043 91413**
**Tera Office : 02831-289223/289224**


## ચોક્કસ આવકની વ્યવસ્થા જરૂરી છે




પ્રકાશ સમીક્ષાના ઈસ્યુ નં. ૮ ના તંત્રીલેખના બીજા પેરેગ્રાફમાં ''ચોક્કસ આવકની વ્યવસ્થા જરૂરી છે.'' આપના મંતવ્ય સાથે ૧૦૦% સહમત છું. અમારા ગામ જેવા અબડાસાના સંખ્યાબંધ ગામોને સાધારણ ખાતામાં હંમેશા ત્રાણ રહેતી હોય છે.

ટ્રસ્ટ બોર્ડની મિટીંગોમાં પણ આ પ્રશ્ન અવાર નવાર ગુંજતો હોય છે. આપશ્રીએ બિલકુલ યોગ્ય સમયે આ પ્રશ્ન અંગુલિનિર્દેશ કર્યો છે. ભંડોળના અભાવે જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યો પણ અટકી જાય છે.

મારી એક વિનંતી છે કે પ્રકાશ સમીક્ષાના આગામી અંકમાં સ્થાયી ભંડોળ માટે આપના વિચારો - માર્ગદર્શન જરૂર આપશો.

**દિનેશ રતનશી મૈશરી - ટ્રસ્ટી**
**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ, મોટી સિંધોડી**


**Exclusive Embroidery & Upto date Finishing**
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

# શરીરનું વિજ્ઞાન સમજો

સમય ઝડપથી સરકતો રહે છે. તમે કદી ડૂબતા સૂરજને જોયો છે ? કેટલો ઝડપથી ડુબી જાય છે. બસ આખો દિવસ અને રાત આજ ગતિથી આગળ વધે છે. આપણું બાળપણ, યુવાનીમાં યુવાની પછી પ્રૌઢાવસ્થામાં અને ત્યાંથી તરત જ વૃદ્ધાવસ્થામાં આપણે સરકી જઇએ છીએ.

૪૦ સે પહોંચતા ઉંમર 'મોટી ઉંમર'ની ચાડી ખાય છે. ધીમે ધીમે કરતા ૬૦ વર્ષ થઇ જાય છે. અને ખરેખર તમે વૃદ્ધ થયા છો એવું તમને પોતાને જ લાગે છે. છતાંય મોટી ઉંમરે પણ હવે જીવન જીવવાની મજા આવે છે. કારણો તો અનેક છે પણ તમને ખબર હોવી જોઇએ તો જ તમે આનંદથી જીવી શકો.

જેમ જેમ ઉંમર વધે તેમ તેમ આરોગ્યના પ્રશ્નો પણ ઉદ્ભવે છે. ઉંમર વધતાની સાથે શક્તિ ઓછી થાય છે. જો આપણે થોડી વાતો આનંદથી સ્વીકારી લઇએ તો 'મોટી ઉંમર' પણ મઝાની ઉંમર થઇ શકે છે. શરીરના નાના મોટા દુઃખાવા, દાદર ચઢતી વખતે હાંફ, ચાલવામાં જરા તકલીફ, યાદશક્તિ થોડી મંદ પડવી. આવી તો કંઇ કેટલીયે તકલીફો બધાને થતી જ હોય છે. ઉંમર ઉંમરનું કામ કરે, આ વાતો આપણે સ્વીકારી લઇએ તો જીવન સીધેસીધું ચાલ્યા જ કરે. આ બધી તકલીફોને દૂર કરવાનો ઘરેલુ પ્રયાસ કરવો જોઇએ. તકલીફ વધુ લાગે તો નિષ્ણાંતોને મળવાની હિંમત પણ રાખવી જોઇએ. થોડો ખર્ચ થાય પણ તેને સામે એક માર્ગદર્શન મળે. ચોખ્ખો રસ્તો મળે, માનસિક ગુંચવાડો દુર થાય, જીવનની સમજ વધે તો પછી લેખે થયેલો ગણાય.

મોટી ઉંમરે સૌથી મોટો પ્રશ્ન માસિક તનાવનો આવે, કોઇ કામકાજ ના હોવું એ વાત જ ડીપ્રેશન લાવે, દિવસનો સમય કેવી રીતે પસાર કરવો એ વિચારથી જ ડિપ્રેશન આવે. હવે બધાને તમારી જરૂર નથી એ વિચાર જ ડિપ્રેશન આવે, બધા તમારાથી દૂર ભાગે એ જોઇને ડિપ્રેશન આવે.

પતિ-પત્ની મોટી ઉંમરે સમય સરળતાથી વિતાવી શકે. મંદિર જવું, સગાવ્હાલાને મળવું, હોસ્પિટલમાં ખબર કાઢવા જવું, બાગકામ કરવું, ચેસ, કેરમ જેવી પ્રવૃત્તિ કરવી. આ બધાથી તેમનો વધારાનો સમય વીતી જાય છે. સાથે હોવું એ જ આનંદની વાત છે. તમે કાકા-કાકીને ધીમે ધીમે બાગમાં ચાલતા જોયા છે ? કદીક મંદિરના બાંકડે બેઠેલા જોયા છે ? બસ સાથે હરવું-ફરવું-બેસવું એ જ એમના જીવનનો આનંદ છે. પ્રશ્ન ત્યારે ઊભો થાય કે જ્યારે બેમાંથી એક પણ વિદાય લે છે. એ સમયે ઘરમાં બીજા સભ્યો હોય છે, પણ દિવસે બધાં કામે જાય છે. કોઇ ઓફિસે, કોઇ શાળાએ જાય છે. વૃદ્ધ ઘરમાં એકલા પડે ત્યારે શું કરે ? આવા વૃદ્ધો હવે 'એલ્ડરલી એનરીચમેન્ટ' સેન્ટરમાં જઇ શકે ત્યાં તેમની સંભાળ લેવામાં આવે. ત્યાં તેમને તેમના જેવી કંપની મળી રહે, સામાન્ય ફી આપી આવા સેન્ટરના સભ્ય બની શકાય. ત્યાં રમતો રમી શકાય, વાતચીતો થઇ શકે. મેડિકલ ચેકઅપ પણ કરવામાં આવે. આવા સેન્ટર એટલે 'ઘરડાં ઘર' નથી એ વાત ધ્યાનમાં રાખવી.

ઘણાં હૃદયરોગના દર્દીઓ પણ ખુશમાં રહી બધાને હસાવતા રહે છે. તમે કેટલાક વૃદ્ધોને હંમેશા હસતાં જોયા છે ? શું તેઓને કોઇ તકલીફ જ નહીં હોય ? તકલીફ વિના જીવન જ નથી, પણ તકલીફ નથી એ રીતે જીવવું એ જ જીવન છે.

જુવાનીમાં જુવાન રહેવું અને ઉંમર વધતા વૃદ્ધ થવું એ સામાન્ય વાત છે. પણ ઉંમર પહેલા મોટી ઉંમરના થઇ જવું એ કમનસીબીની વાત છે. એટલે તે ઉંમરે જેટલો આનંદ આવે એમ સારૂ લાગે તેમ જીવતા રહો. દાદર ચઢતા હાંફ આવે તો દાદર ધીમે ચઢો. મોડા પડતાં હો તો વહેલાં નીકળો. જે વસ્તુ માટે તમે અયોગ્ય છો તેનાથી દુર રહો. બીજાને તક આપો. હરિફાઇમાંથી હવે તમે દુર થઇ જાવ. હવે તમારો કોઇ હરીફ નથી. બસ તમે બીજાને હરિફાઇમાં ઉતારી તેમની હરિફાઇનો આનંદ માણો. રાજા બનવાનો પ્રયત્ન ના કરો. બીજાને રાજા બનતા શીખવો. હવે બાજુમાં ખસી જતા શીખો. બીજાને માર્ગ આપો. તેમને આનંદ થશે અને તમને પણ તકલીફ નહીં પડે.

તમારે મોટી ઉંમરે તમારા મનગમતા વિષયના લેક્ચર આપવા જોઇએ. તેમાં ધર્મ પણ આવી જાય. તમારા અનુભવો પણ આવી જાય. નવા જમાનામાં થોડું કોમ્પ્યુટરનું જ્ઞાન હોય તો ઇન્ટરનેટ પર જઇ દુનિયા ક્યાં જઇ રહી છે તે પણ જાણી શકાય.

સંગીતના શોખીનો સંગીત સાંભળી શકે. પછી ભલે તે ગીટાર હોય, સીતાર હોય કે કોઇ રાગ હોય. વધતી ઉંમરે પ્રશ્નોને વધવા ન દો. શક્ય હોય તેટલી શરીરની કાળજી લો. બાળપણની કહેવત એ જ ઘડપણમાં લાગુ પડે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' છેલ્લુ સુખ પણ એ જ છે...!

ઘરમાં, સમાજમાં કે અન્ય સ્થળે તમારી સેવાઓ આપો. એમાં કોઇ બંધન નથી. જેમ બાળકનો નિર્દોષ હસતો ચહરો સૌને ગમે છે તેમ ઘડપણનો કરચલીવાળો હસતો ચહેરો પણ બધાને ગમે છે. હસવાનું ભુલતા નહિં, હસીને બોલો... હસતાં હસતાં સાંભળો, બધાને થશે કે ચાલો કાકા-કાકીને મળીએ, મજા આવશે, બધાં તમારી આસપાસ આવતાં થશે.

ઉંમર વધવાની સાથે શરીર પર કરચલીઓ જરૂર પડશે પરંતુ જીવન જીવવાનો ઉત્સાહ છોડી દેશો તો આત્માની ઉપર પણ કરચલીઓ પડી જશે. ૬૦ હોય કે ૮૦ જ્યાં સુધી તમે આનંદમાં રહો છો, હિંમતથી રહો છો, આશાવાદી થઇ રહો છો ત્યાં સુધી તમે યુવા જ છો...


**સંકલન : ડૉ. ટી. જી. મૈશેરી,**
પૂર્વ પ્રાધ્યાપક અને વિભાગીય વડા
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

## શું યુવતીઓએ લગ્ન પછી જોબ કરવો જોઈએ ?

– કાશ્મીરા લુઠિયા



જેટ યુગમાં છેલ્લા ૧૦-૧૨ વરસમાં જે બદલાવ આવ્યા છે એમાં ભણતરની વેલ્યુ બુદ્ધિમતા એની યોગ્યતાથી યુવતીઓ વધારે ભણવા લાગી છે. પહેલા જે બી.એ., બી.કોમ., બી.એસી.ની લાઈન સિવાય પર્યાય ન હતો, બહુ બહુ તો એસ.એન.ડી.ટી. અથવા બહેનોને એના ઘરઉપયોગી અથવા આવું કાંઈક ભણશું તો જીંદગીમાં આગળ કામ આવશે, એ હેતુથી આવા કોર્સિસ કરાવતા. ગ્રેજ્યુએટ, ડબલ ગ્રેજ્યુએટ પછી લગ્નના મુરતીયા ગોતવામાં તકલીફ હતી. પણ કોમ્પ્યુટરના યોગ્ય ઉપયોગથી તથા ટી.વી.ના માધ્યમથી યુવતીઓ સાથે મા-બાપના વિચારોમાં પણ પરિવર્તન આવ્યું. જે કોર્સ ખાલી છોકરાઓ જ કરી શકે એ કોર્સિસમાં છોકરીઓનું પ્રમાણ વધવા લાગ્યું. અભણ તથા નીચલા વર્ગોમાં પણ જાગૃતિ આવી. ઘરકામ અથવા અન્ય કામ કરીને પણ બધા જ લોકો સારી સ્કૂલોમાં ઈંગ્લીશ મીડીયમમાં ભણાવીને પોતે ન ભણ્યા પણ અમે હવે છોકરાઓ પાસેથી આવા કાર્યો ન કરાવી 'મુલગી શીકલી પ્રગતિ ઝાલી' બરાબર સમજીને આ લોકો પણ છોકરીઓને ભણાવવા લાગ્યા છે.

આધુનિક સુખસગવડો જેવી કે મોબાઈલ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, એસ.એમ.એસ., ટી.વી., કાર સાથે વસ્ત્રપરિધાન, સુંદર અને જમાનાનુસાર રહેવા માટે કોસ્મેટીક અને મોંઘવારી આ બધાની જરૂરિયાતનો મેળ ક્યાં બેસાડવો ? પહેલા એક જ વ્યક્તિ ઘરમાં કમાતી અને એમાંથી જ ઘરખર્ચ, વહેવારો, શિક્ષણ, માંદગી બધુ ચલાવીને બચત કરવાની જવાબદારી ગૃહિણી ઉપર હતી. પણ આજના આ ઝાકઝમાળના જમાનામાં જ્યાં નજીકનાં સંબંધો દૂર થતા જાય છે અને મિત્ર વર્તુળ તથા સ્ટેટસ પ્રમાણે રહેવા માટે ઘરના દરેક સભ્યોની નૈતિક જવાબદારી અને પોતાના શોખ, જરૂરિયાત માટે જોબ કરવો જ રહ્યો. ઘરમાં જેટલી વ્યક્તિઓ તેટલા Induvudual ખર્ચ, એમાં નાના બાળક માટે પ્લેસ્કુલ, બર્થ ડે સેલિબ્રેશન, મોંઘાદાટ રમકડાઓ, સારી સ્કૂલમાં ભણતર અને અન્ય એક્ટીવીટી માટે ચાલતી કોમ્પીટીશનમાં છોકરાઓની યોગ્ય ટેલેન્ટને ઓળખી ઉપર લાવવા માટે મા-બાપની ચાલતી હરિફાઈ... આ સાથે મેડિકલ માટેના ખર્ચ વધ્યા. થોડીક માંદગીમાં પણ ચેકઅપ અથવા સ્પેશીયાલીસ્ટ પાસે જવું પડે છે. આને પહોંચી વળવા માટે સ્ત્રીઓ કાંઈક જોબ અથવા બીઝનેસ કરીને એ જરૂરિયાતને સારી રીત પુરી કરી શકે છે.

દરેક ભણેલી અથવા અભણ સ્ત્રીને આજના મોંઘવારી તથા સ્પર્ધાત્મક યુગમાં કમાવું પડશે. દરેક સ્ત્રીમાં સુષુપ્ત કળા હોય છે. અભણ સ્ત્રીઓ કોમ્પ્યુટર ન ચલાવી શકે પણ વાસણ કપડાથી કરીને ગૃહઉદ્યોગ, ખાણી-પીણીનો ઉદ્યોગ (જે આજે પહેલા નંબરનો ઉદ્યોગ) છે. હસ્તકળાઓ જે આવડત હોય એમાં પગભર થવું જ જોઈએ. હવે તો દરેક મોટા શહેરોમાં પુરુષો સવારના ૯ વાગેથી રાતના ૯ વાગે જોબ અથવા ધંધામાં બીઝી હોય છે. સ્ત્રીઓ માટે આધુનિક સગવડો તથા ખૂબ ટાઈમથી એ સરસ ટાઈમ મેનેજમેન્ટ કરીને સમયનો સદ્‌ઉપયોગ કરીને પોતાની શક્તિનો ઉપયોગ કરીને પોતાનો વિકાસ, વીલપાવર, આત્મસંતોષ, જોબ કરીને મેળવી શકે છે. જોબ કરવાથી વિચારશક્તિ ખીલે છે. સ્વભાવ પરિવર્તન, પોતે કમાયેલા પૈસાની વેલ્યુ, યોગ્ય વહેંચણી, બહારના સારા તથા ખરાબ સમાજનો, લોકોનો પરિચય, અવનવા અનુભવથી આત્મવિશ્વાસ વધે છે અને પોતે ખીલે છે. અલબત્ત આવું કરવા માટે નાનપણથી ઘરના સારા સંસ્કારોની શીખ, શિક્ષણ આપવાથી તે સભાન રહે છે.

કોઈપણ પ્રોફેશન કરતા ઘરના વ્યક્તિઓ સાથે ખુલ્લા દિલે વાત કરવી જોઈએ. ઓફિસ અથવા કાર્ય કરતા હોઈએ તો ઘર તથા ઘરના વ્યક્તિઓની સંભાળ, સંજોગો - જવાબદારીઓ બને એટલી પુરી કરીને કાર્ય કરવું જોઈએ. સ્ત્રીઓમાં આ શક્તિ જરૂરી છે. જે જરૂર પડે તો બધી જગ્યાએ પહોંચી વળે છે. મારૂં મારૂં, હું હું ન થતાં આપણું એ કમાઈમાં પણ હોવું જોઈએ. ઘરની કોઈ વ્યક્તિનું મન ડંખાય નહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ. ઘર સાથે પરિવાર બન્ને પક્ષે સાસરીયા / પિયરીયામાં ન્યાય અને વહેવાર સાચવવા જોઈએ. કોઈપણ મોટી પોસ્ટ ઉપર હોઈએ તો નમ્રતા અને કોઈપણ કાર્ય કરતા નાનપ ન હોવી જોઈએ.

યુવતીઓ જે ઘર અને ઓફિસની બેલેન્સ રાખશે તે ઘરની દરેક વ્યક્તિઓનો સ્નેહ, પ્રેમ, આદર, સન્માન પામશે અને ઉંચાઈ તરફ જવાનો તમારો ગ્રાફ તમારી આવક કરતાંય ઘણો ઉંચા હશે અને વ્યક્તિ તરીકે મનની અલગ ઓળખ સદાય બધાના દિલમાં રહેશે. જે સંતોષ, નામના મળે છે તે કુટુંબ સમાજમાં ગૌરવાસ્પદ થશે.

### વિશેષ નોંધ :

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. – તંત્રી મંડળ

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી સુધર્મા પાટોત્સવ નિમિત્તે સ્નેહમિલન

શ્રી અચલગચ્છાધિપતિ પદ પ્રદાન મહોત્સવના ઉપલક્ષ્યે શ્રી સુધર્મા પાટોત્સવ પ્રસંગે શ્રી માટુંગા સંઘની શ્રી નારાણજી શામજી વાડીમાં મહાજનો અને સંઘોનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. આ ઉત્સવ અખિલ ભારત સંઘના નેજા હેઠળ યોજાયું હતું.

### શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ - વડોદરા

સંઘના દેરાસરના મુળનાયક શ્રી વિમલનાથ દાદાનું જન્મ કલ્યાણક તા ૧૪/૨/૨૧ શક્રસ્તવ પુજન સંગીતકાર સાથે ભણાવવામાં આવ્યું. તે દિવસે સુંદર રીતે દેરાસર શણગારવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

### શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમા લઈ વડોદરા ખાતે આ વખતે ૧૨ મી પહેડીના બદલે તા ૭ -૩ -૨૦૨૧ના માતાજી ની ભક્તિભાવના રાખવામાં આવેલ, તેમા બહોળી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી.

### શ્રી કે.ડી.ઓ.જૈન વિમલ મહિલા મંડળ - વડોદરા

મંડળની સામાન્ય સભા તા ૩ - ૨ - ૨૦૨૧ના મળેલ તેમા નીચે મુજબ નવી કમીટી નક્કી કરવા આવી.

પ્રમુખ - શ્રીમતી ગુણવંતીબેન ભરતભાઇ લોડાયા
ઉપપ્રમુખ -શ્રીમતી જયાબેન સોમચંદભાઇ મોમાયા
મંત્રી - શ્રીમતી ભારતીબેન તરુણભાઇ નાગડા
સહમંત્રી - શ્રીમતી મંજુલાબેન લહેરચંદભાઇ મૈશેરી
ખજાનચી - શ્રીમતી વિજયાબેન પ્રિતમભાઇ લાલકા
સહખજાનચી - શ્રીમતી નિલમબેન મણીકાન્તભાઇ લોડાયા

### શ્રી કે.ડી.ઓ.જૈન વિમલ મહિલા મંડળ - વડોદરા

મંડળ દ્વારા તારંગાધામ ચુલી (ધ્રાંગધ્રા પાસે)ની એક દિવસની યાત્રા પ્રવાસનુ આયોજન કરવામા આવ્યુ. તા ૨ - ૩ - ૨૦૨૧ના ૪૦ જણા સાથે યાત્રાનું પ્રયાણ કર્યુ. ચુલી પહોંચી શ્રી અમિઝરા અજીતનાથ દાદાની સેવા પુજા કરી સમૂહ સ્નાત્ર પૂજા ભણાવી. જતા આવતા બસમા ધાર્મિક અંતાક્ષરી તથા વિવિધ ગેમ રમાડી, તેમાં વિજેતાઓને વિવિધ દાતાઓ તરફથી ઈનામ આપવામાં આવ્યા.

### કોચીનમાં પક્ષીઓના માળા, માટીના પરબનું વિતરણ



વિશ્વમાં વધતી જતી ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવવા માટે માટીના પરબ અને ઘટતી જતી ચકલી (હાઉસ સ્પેરો)ની સંખ્યા વધારવા માટે માટીના કૃત્રિમ માળાનું વિતરણ, વિદ્યાર્થીઓમાં પક્ષીઓ માટેની મમતા વધે તે હેતુથી (૨૦ માર્ચ, વર્લ્ડ સ્પેરો ડે)ના નિમિત્તે સતત ૧૦મા વર્ષે જૈન ફાઉન્ડેશન, મુકેશ માણેકજી લોડાયા (જૈન) દ્વારા ૭ માર્ચના કોચીનમાં મહાનુભાવોની વચ્ચે માર્ગદર્શન આપીને, જરૂરિયાત સમજાવીને અને જાગૃતિ ફેલાવવા માટે વિદ્યાર્થીઓને પોતાના ઘરોમાં રાખવા માટે માળા અને પરબ, બંનેનું વિતરણ કરવામાં આવ્યું. કોચીનની અનેક સ્કૂલના વિદ્યાર્થીઓએ આમાં ભાગ લીધેલ.

### કમલેશભાઈની વિમા ક્ષેત્રે સફળતા

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦/૨૧માં કમલેશભાઈ ભવાનજી ચાંપશી લોડાયા - નલિયા (જુનાગઢ) ૧ કરોડ ૫ લાખનું પ્રથમ પ્રીમિયમ,૧૦૧ પોલિસી અને M.D.R.T (USA) એમ જૂનાગઢ બ્રાંચ નંબર ૧ અને ૨ માં તેઓ એકમાત્ર ૩ STAR એજન્ટ ડિક્લેર થયેલ છે. ઉપરાંત તેઓ જૂનાગઢ જિલ્લામાંથી એક માત્ર કપલ MDRT(USA) અને કપલ શતકવીર એજન્ટ ડિક્લેર થયેલ છે. ઉપરોક્ત સિદ્ધિઓ બદલ તેમનુ અનેક વખત સન્માન થયેલ છે. ઉપરોક્ત સન્માન ખરા અર્થમાં સર્વે વિમેદારો અને સ્નેહીઓના તેમના પ્રત્યે અપાર પ્રેમ, સહકાર અને વિશ્વાસની લાગણીનું ફળસ્વરૂપ છે તેમ કમલેશભાઈ જણાવે છે.

### દ.ભા.ક.દ. ઓ. જૈન એકમ મહિલા મંચ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ચેન્નઈની વર્ષ

૨૦૨૧-૨૩ ની મુદ્દત માટે દ.ભા. ક.દ.ઓ. જૈન એકમ મહિલા મંચના સંચાલનની જવાબદારી સોંપી છે.

આ હેતુ માટે શ્રીમતી ચેતના એ. ડાઘાની પ્રમુખપદે તથા દીપા એ. લાપસિયાની સેક્રેટરી તરીકે નિમણુંક કરી છે. સાથે જ જોઈન્ટ સેક્રેટરી અને ટ્રેઝરર પદે અનુક્રમે કુ. અનુપમા આર. મોમાયા અને કુ. સોનિયા અજાણીની વરણી કરવામાં આવી છે. અન્ય કમિટી મેમ્બર તરીકે કુ. દર્શના સી. મુનવર કુ. યાશિકા કે. અજાણી કુ. ભાવના કે. મોતા તથા કુ. જયશ્રી એ શાહની નિમણુંક કરવામાં આવી છે.

સલાહકાર સમિતિમાં સરલાબેન લાપસિયા અને મનોરમાબેન ટી. લોડાયા નીમવામાં આવ્યા છે.

### હુબલી જેડલ ગ્રુપની બહેનો જીવનસંધ્યાની મુલાકાતે



આં. રા. મહિલા દિન નિમિત્તે હુબલીના જેડલ ગ્રુપની આઠ કેડીઓ મહિલાઓએ મુલાકાત લીધી હતી. તેમણે આશ્રમવાસીઓ સાથે લંચ લીધું તેમજ જીવન સંધ્યાના આધુનિકરણ કાર્યનું નિરીક્ષણ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

જેડલ ગ્રુપના શ્રીમતી જયોતિબેન જયંતીલાલ લોડાયાનો જન્મદિન અને શ્રીમતી પૂર્ણિમા વિકમસીની લગ્નતિથિ ત્યાં અનોખી રીતે ઉજવી હતી. આ મુલાકાતથી આશ્રમવાસી વડીલો ખૂબ જ આનંદ વિભોર થયા હતા.



### કુ. ધર્મિષ્ઠા ધરમશીની નિમણુંક

ડોંબીવલીના કુ. ધર્મિષ્ઠા ધરમશી ભાજપા લઘુમતિ મોરચા (જૈન માઈનોરીટી) ના ડોંબીવલી મહિલા યુવા પ્રેસિડન્ટ તરીકે નીમવામાં આવ્યા છે અભિનંદન



### પ્રિંસ ધરમશીની નિમણુંક

પ્રિન્સ ધરમશી ભાજપા અલ્પ સંખ્યક મોરચા (જૈન માઈનો.) સેલની કમિટી, ડોંબીવલીના મેમ્બર નીમાયા છે અભિનંદન.





### સખીવૃંદ પુણે

ચાંદની ઉદય ભાટે તારીખ ૬ માર્ચ ૨૦૨૧ના ગુગલ મીટ પર સિલ્ક થ્રેડ જ્વેલરી મેકિંગના વિષય પર મીટીંગનું આયોજન કર્યું. તે માટે તેમણે જલ્પા ધીરજ સુરાનાને આમંત્રિત કર્યા. જલ્પાબેને સિલ્ક દોરાનો ઉપયોગ કરીને બેંગલ્સ, પેન્ડન્ટ, ઈયરિંગ, નેકલેસ વગેરે જ્વેલરીનું પ્રત્યક્ષીકરણ કર્યું.

ત્યારબાદ સાતત્યના આગળના ભાગમાં મુઠ ભરાઈ, પાગનો ફેરો, વિદાય વખતની વિધિ અને ત્યારબાદ માતાજીના ઉત્થાપનની વિધિ, કુમકુમ પગલા સાથે જ વડી રાજા અને છેડાછેડી વગેરે અનેક વિધિઓ અને શાસ્ત્રોની લતાબેન મોમાયા અને પુષ્પાબેન લોડાયાએ સુંદર રજુઆત કરી. અંતમાં કલ્પનાબેન લાપસીયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો.

### મહિલા દિવસ નિમિત્તે પરબનું પ્રાયોજન સામાજિક સુરક્ષાને અર્પણ

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ૨૦ વ્યક્તિઓને કે.ડી.ઓ વેલફેર એસોસીયેશનની સામાજિક સુરક્ષા યોજનામાં શામેલ કરવામાં આવ્યા.

પરબ ૨૦ વ્યક્તિઓ માટે આ સ્કીમની પ્રાયોજક બની, જેથી આ સફળ યોજનાથી વંચિત રહેલા આપણા જ્ઞાતિજનો તેનો લાભ લઈ શકે. આવી ઉત્કૃષ્ટ ભાવના સાથે પરબે કે.ડી.ઓ વેલફેર અસોસીયેશનને ૪૪,૦૦૦/- નો ચેક અર્પણ કર્યો. આ રીતે પરબની નારી શક્તિએ આપણા સમાજના ઉત્થાનમાં પોતાનું યોગદાન આપ્યું.

## વતનના વર્તમાન

સંકલન : **કેસરસિંહ ખોના**

### માતાના મઢમાં રૂપરાઈ તળાવનું આધુનિકરણ

રાજ્ય સરકારે માતાના મઢના વિકાસ અને યાત્રી આકર્ષણ વધારવા માટે રૂા. ૨૫ કરોડ ફાળવ્યા છે. આ વિકાસ કાર્યોમાં રૂપરાઈ તળાવમાં બોટિંગ, વૉક વે વગેરે હાથ ધરવામાં આવશે.

એ જ પ્રમાણે લખપતના પૌરાષિક સ્થળો જેમ કે લખપત કિલો, કિલાની અંદર વિરાજમાન હાટકેશ્વર મહાદેવ, ગુરૂદ્વારા, કોટેશ્વર મહાદેવ મંદિર, મહાકાળી

મંદિર, બૌદ્ધ ગુફા તથા ગુનેરીની સેજલ સંત ગુફા આદિ માટે રૂા. ૩૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

**સાંધવની ધીરાવાણી સેલોર**

કચ્છ મિત્રના અભ્યાસુ કટાર લેખક સંજય પી ઠાકરની કલમે વર્ણવાયેલી સાંધવની ૧૨૦ વર્ષ જૂની ધીરાવાણી દેવસ્થાનની સેલોર વાવ લગભગ ૫૦ ફૂટ ઊંડી છે અને સાંધવ તથા ભાચુંડા વચ્ચે સીમ વિસ્તારમાં પોતાના અતીતના સંભારણા લઈ મુલાકાતીઓની વાટ જુએ છે. સંવત ૧૯૫૭ માં નિર્મિત આ સેલોર સરળ અને સુંદર છે.

**ગુજરાત યુવક બોર્ડ**

ગુજરાત યુવા એવોર્ડ મેળવનારી માંડવીની સિક્યોર નેચર સોસાયટી દર રવિવારે માંડવી વિન્ડ ફાર્મ બીચ, ટપકેશ્વરી જેવા પર્યટન સ્થળોમાં સફાઈ કાર્ય, દરિયાઈ જીવો અંગે સંશોધન, વર્ક શોપ, ફર્સ્ટ એઈડ જેવા મહત્વના કાર્યોનું નિઃશુલ્ક આયોજન કરે છે. આ સંસ્થાને ગુજરાત રાજ્ય યુવા એવોર્ડ હેઠળ રૂા. ૨૧૦૦૦ અને શાલ તથા પ્રશસ્તી પત્ર એનાયત કરાયા છે.

**રામ મંદિર નિર્માણઃ સિંધી સમાજનું યોગદાન**

અયોધ્યાના રામ મંદિરની નિર્માણ નિધિમાં સિંધી સમાજે વિશ્વ સિંધી સેવા સમિતિ અને સુહિણી સિંધી પુના દ્વારા ચાંદીની ૨૧૩ ઈંટ ન્યાસ પ્રમુખ ચંપતરાય બંસલને શ્રદ્ધાપૂર્વક અર્પણ કરવામાં આવી હતી.

**ગણિતીય રમકડું**

ભચાઉ તાલુકાના ખારોઈ પ્રાથમિક શાળાના શિક્ષક રમેશ વિનોદરાય પંડ્યા દ્વારા વિકસિત ગણિતીય રમકડું રાજ્ય સ્તરે પસંદ થયું છે. આ રમકડું ગણિતી બુનિયાદી ક્રિયાઓ સહજતાથી શીખવે છે. આથી બાળકો ઈલેકટ્રોનિક સાધનોની આડ અસરોમાંથી બચી શકે છે.

**જીલ્લા પંચાયતના સભ્ય**

તાજેતરમાં યોજાયેલી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં નલિયાથી ભાવનાબા એસ. જાડેજા તથા મોથાળાથી પુરૂષોત્તમભાઈ મારવાડા ચૂંટાઈ આવ્યા છે.

**ટ્રાકેટને બેસ્ટ બ્રાંડ એવૉર્ડ**

સાંધવના મુલુંડવાસી શ્રીમતી દર્શનાબેન ચેતન લોડાયાને એમના માત્ર બે વર્ષના ટ્રાન્સપોર્ટ લોજિસ્ટિક સ્ટાર્ટઅપને વર્ષ ૨૦૨૦નો ૨૦૦ બેસ્ટ બ્રાંડ એવૉર્ડ પ્રાપ્ત થયો છે. ચેતનભાઈ ટ્રાન્સપોર્ટ કમિશન એજન્ટ છે. ટ્રાકેટ સરળ અને ભરોસાપાત્ર ટ્રાન્સપોર્ટ સર્વિસ સોલ્યુશન છે. અભિનંદન.

**માનવ જયોત કોલકાત્તા**

કોલકત્તા (કલકત્તા) માનવજયોત સંસ્થા દ્વારા દાતાઓના સહયોગથી સુંદરવન વિસ્તારમાં બાલીદ્વીપ સ્થિત સત્યનારાયણપુર ગામે એક પ્રાથમિક શાળાનું રૂા. ૨૦ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મૂળભૂત સુવિધાના નિર્માણમાં અશોકભાઈ ડાગા, રવિ મોદી અને શાંતિલાલભાઈ સંઘવી તથા રાજેશકુમાર સિંહનો મુખ્ય સહયોગ રહ્યો હતો. શાળાનું ઉદ્દ્ઘાટન રામકૃષ્ણ મિશન રામ હરિપુર બાંકુરાના સચિવ સ્વામીશ્રી મુક્તિપ્રદાનંદજી મહારાજના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સદર શાળા પરિસરમાં માનવજયોતના ઉપક્રમે નારાયણ હોસ્પિટલ અને વિવેકાનંદ મિશન નેત્ર નિરામય નિકેતનની મેડિકલ ટીમ દ્વારા આરોગ્ય અને નેત્ર ચિકિત્સા શિબિર આયોજીત થયું હતું. જેમાં લગભગ ૪૦૦ થી વધુ દરદીઓનો ઈલાજ કરવામાં આવ્યો હતો.

## તબડીક તબડીક ઘોડા દોડે,
## કદઓ નારીના નવા નવા ઉદ્યોગો દોડે.

**TUGBUK TUGBUK**

Sonal Taralkumar Shah Maheshwary, Vadodara/ Moti Sindhodi got featured for her creative work in the elite digital publications namely Dailyhunt, Startup India Magazine, Flipboard, Google News & PT News on 8th March, 2021. This creative venture of her is running progressively by the name "Tugbuk Tugbuk" with a tagline of "Crating Memories & More..." since almost 2 years.

Herein, she creates unique & customized products / keepsakes by giving her creative touch. The product range of her startup includes chalkboards for all happy occasions of life viz. birthdays, weddings, baby showers etc., wooden sign boards, milestone cards, birthstats posters/frame, name plates, wooden alphabets, map canvass prints, road play toy and much more. Her recent product is namely Journey2Forever which received lots of recognition & love.

She has also started event management enterprise for all happy occasions of life.

Her article/interview can be read from the below links:

Dailyhunt:https://bit.ly/3quVTfA
Startup India Magzine: https://bit.ly/3qzFdUt
Do follow her on,Instagram:
https://www.instagram.com/tugbuktugbuk/ and
Facebook:
https://www.facebook.com/TugbukTugbuk
Contact no.: +91 9727399102

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ભરત ગુલાબચંદ ધૂલ્લા**<br>(PS 977) ગામ : ભરૂડીયા | ફ્લેટ નં. 4, ગ્રાઉન્ડ ફ્લોર, રાજુ મેન્સન બીલ્ડીંગ,<br>પ્લોટ નં. 1, ગારોડીયા નગર, વલ્લભબાગ એક્ષ્ટેન્સન રોડ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ – 400 077.<br>M.: 093238 08354 |
| **જયચંદ દેવજી મોમાયા**<br>(PS 1076) ગામ : રાણપૂર, | રૂમ નં. ૮, કમલાનંદ કો. હા. સો., ગ્રાસ એન્ડ ગોસીપ હોટેલની બાજુમાં,<br>શહિદ મંગલ પાંડે રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080.<br>M.: 098191 51678 |
| **પંકજ શાંતીલાલ લોડાયા**<br>(PS 5611) ગામ : સાંયરા | KDO રેસીડન્સી અપાર્ટમેન્ટ કોમ્પલેક્ષ, ફેસ – 1,<br>ઓફ કુસુગલ રોડ, સંસ્કાર સ્કુલની પાસે,<br>કેશવાપૂર, હૂબલી, KR 580023<br>M.: 091417 84448 - પંકજ<br>092411 33933 - દક્ષા |
| **પારસ રમેશ જાગીરદાર (લોડાયા)**<br>(PS 5300) ગામ : બાંઢીયા | ફ્લેટ નં. ૫૦૨, વી. આર. રેસીડન્સી,<br>16-2-146/4, પલ્ટન, દયાનંદ નગર, મલકપેઠ,<br>હૈદ્રાબાદ, Telangana 500 036<br>M.: 099499 81999 - પારસ<br>098484 49447 - ધારીણી |
| **શાંતીલાલ ઉમરશી મોતા**<br>(PS 5932) ગામ : રાપર | ત્રીજે માળે, ઐયપા અપાર્ટમેન્ટ ફેસ – ૨,<br>ગુજરાતી રોડ, મટનચેરી, કોચીન KL 682002,<br>M.: 094478 18391 / 093162 64852 - શાંતીલાલ<br>093888 94435 - વર્ષા |
| **પ્રવેશ ધારસી લાલકા**<br>(PS 7397) ગામ : લાલા | C/o. જયેશ પ્રવિણચંદ્ર જોષી,<br>બીલ્ડીંગ નં. ૮, રૂમ નં. ૧૩, સાઈનાથ નગર,<br>તૂલીંજ રોડ, નાલાસોપારા (ઈસ્ટ), MH 401209<br>M.: 073852 38939 |
| **નરેન્દ્ર નરશી મોમાયા**<br>(PS 5637) ગામ : સાંયરા | હૂબલી – KL 580023<br>M.: 0836-7969155 - નરેન્દ્ર<br>M.: 0836-7969156 - બીજોય |

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

# જીવનચક્ર

## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧-૨૧ | મુલુંડ | નિષિધા, ધીરા કેયૂર શરદ શિયાલ | આરીખાણા | પુત્રી |
| ૧૨-૧-૨૧ | જલગામ | ફીઓના, નેહલ ભાવિક અજય સોની | સાંયરા | પુત્રી |
| ૨૯-૧-૨૧ | ડોંબીવલી | હીર, તેજલ આકાશ શાંતીલાલ લાલકા | લાલા | પુત્રી |
| ૧૨-૨-૨૧ | કલીકટ | શ્લોક, ભક્તિ જીગર વિજય લોડાયા | નલિયા | પુત્ર |
| ૧૭-૨-૨૧ | ડોંબીવલી | અનાયા, ધર્મિષ્ઠા ધાર્મિક વિનોદ લોડાયા | દલતુંગી | પુત્રી |
| ૧૯-૨-૨૧ | ડોંબીવલી | વિરાંશ, પ્રિયંકા કેવલ અજય ખોના | રંગપુર | પુત્ર |
| ૨૧-૨-૨૧ | થાણા | વેદીકા, ખુશ્બુ અનુજ મુકેશ પોલડીયા | બાયઠ | પુત્રી |
| ૩-૩-૨૧ | દિવા | રીહા, નેહા વિવેક મુનવર | જખૌ | પુત્રી |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧-૨૧ | ડોંબીવલી | જીજ્ઞેશ પરેશ ડુંગરશી લાપસિયા | દલતૂંગી | ૨૯ |
| | જામનગર | દિશીતા ભરત નવીનચંદ્ર ખોના | ગોરખડી | ૧૯ |
| ૯-૩-૨૧ | ગદગ | કેવિન મૌનેશ પ્રવિણચંદ્ર લુઠીયા | નાની ખાવડી | ૨૮ |
| | અમદાવાદ | ચાંદની વિરેન્દ્ર દામજી છેડા | સુથરી | ૨૮ |
| ૧૪-૩-૨૧ | આનંદ | બિમલ પ્રકાશ કુંવરજી લોડાયા | સાંધવ | ૨૬ |
| | ગોધરા | રમિલા લક્ષ્મીચંદ ભવાનજી મૈશેરી | ગોધરા | ૨૪ |
| ૧૮-૩-૨૧ | અહમદનગર | નીરવ યશપાલ લક્ષ્મીચંદ લોડાયા (ભાટે) | રાપર ગઢવારી | ૨૭ |
| | હૈદરાબાદ | માનસી પારસ હીરાચંદ ધરમશી | કોઠારા | ૨૫ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૬-૩-૨૧ | સાંગલી | ચિરાગ પીયુષ લક્ષ્મીચંદ ધરમશી | છાદુરા | ૨૯ |
| | લાતુર | દિપા રાજેશ શિવલાલ મહેતા | રાજુલા | ૨૯ |
| ૭-૩-૨૧ | ડોંબીવલી | વૈભવ દિગમ્બર વિષ્ણુ તાવડે | હર્કુલ | |
| | ઠાકુર્લી | જીનલ રમેશચંદ્ર ડાયાલાલ ખોના | રંગપૂર | ૨૬ |
| ૧૪.૩.૨૧ | ભાંડુપ | ભવ્ય ભરત હીરજી દેઢિયા | કોટડા રોહા | ૨૪ |
| | મુલુંડ | મિલોની દિલીપ હીરજી દંડ | લાલા | ૨૪ |
| ૧૪.૩.૨૧ | ડોમ્બીવલી | યોગેશ કાન્તિલાલ જીવરાજ લાપસિયા | નલિયા | ૨૭ |
| | ડોમ્બીવલી | અક્ષિતા મનીષકુમાર હરખચંદ ભારડિયા | પ્રાગપર | ૨૭ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૨-૨૧ | ચેંબૂર | વિરાજ ખિરણ કુંવરજી લોડાયા | કોઠારા | ૩૧ |
| | મલાડ | હારમની ભરત રાયશી ગોશર | બાયઠ | ૨૭ |
| ૧૫-૨-૨૧ | ઘાટકોપર | લિન્કેશ ઉલ્હાસ લક્ષ્મીચંદ મોમાયા | મોટી સિંધોડી | ૩૦ |
| | મુલુંડ | હિરલ ગુલાબ ડુંગરશી ધરમશી | સાંધાણ | ૨૫ |
| ૧૬-૨-૨૧ | ડોંબીવલી | જીગર નીતિન ઉમરશી ધરમશી | સુથરી | ૨૫ |
| | ડોંબીવલી | શ્રદ્ધા રાજેન્દ્ર રાયચંદ લોડાયા | નાની ખાવડી | ૨૬ |
| ૧૬-૨-૨૧ | ચેન્નઈ | મેહૂલ અરૂણ પાશ્વીર ધરમશી | તેરા | ૩૧ |
| | સુજાલપૂર | શ્રદ્ધા લલીત શાંતીલાલ લોડાયા | નલિયા | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૨-૨૧ | સુરત | કેયૂર મનોજ વાલજી ગોશર | ગોએરસમા | ૨૫ |
| | વડોદરા | સાક્ષી ભરત રામજી નાગડા | નલિયા | ૨૪ |
| ૧-૩-૨૧ | પૂના | ઉત્કર્ષ ખુશાલ લાલજી મૈશરી | જખૌ | ૨૬ |
| | રાયપૂર | ખુશ્બુ દિપક મેઘજી લાલકા | વારાપધર | ૨૨ |
| ૧૦-૩-૨૧ | મલકપૂર | નિખીલ ઉત્તમચંદ દેવશી દંડ | વરાડીયા | ૨૯ |
| | ડોંબીવલી | પાયલ દિપક વિરચંદ લોડાયા | સાંધવ | ૨૨ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૧૨.૨૦ | ભાવનગર | નીરવ મુકેશ હેમેન્દ્ર લાપસિયા | નલિયા | ૩૧ |
| | ભાવનગર | પલક વિજય જમનાદાસ શાહ | ભાવનગર | ૨૮ |
| ૧૫-૨-૨૧ | પરેલ | કૃષ્ના હંસકુમાર હિરાચંદ ધૂલ્લા | સુથરી | ૩૦ |
| | મુંબઈ | કરીશ્મા આશિત પ્રતાપ શાહ | પાટણ | |
| ૧૬-૨-૨૧ | મુલુંડ | ધૈર્ય શૈલેષ જેઠાલાલ નાગડા | વારાપધર | ૨૪ |
| | થાણા | હની નિલેશ હસમુખરાય આશર | જુનાગઢ | |
| ૧૬-૨-૨૧ | હુબલી | મયંક પ્રફુલ મોરારજી મામણીયા | કપાયા | |
| | ગદગ | પાયલ ગીરીશ કુંવરજી નાગડા | નલિયા | ૨૯ |
| ૨૫-૨-૨૧ | ચૂનાભઠ્ઠી | ધીર હિતેન્દ્ર ભવાનજી ગોશર | બારોઈ | ૨૯ |
| | અંબરનાથ | જીનલ વસંત દામજી ગડા | રાયધણજર | |
| ૧૫.૦૩.૨૧ | દહીસર | વિનીત રમેશ પોપટલાલ શેઠિયા | ભુજપર | ૩૫ |
| | મુલુંડ | ચૈતાલી ભરત લાલજી ધરમશી | કોઠારા | ૩૧ |

## જ્ઞાતિ છુટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| | મુલુંડ | જીગર પ્રદીપ ગોશર | બાયઠ | |
| | ડોંબિવલી | નીશા ચંદ્રકાંત મોતા | ગોરખડી | |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૨-૨૧ | મીરારોડ | જિનેન વિજય લોડાયા | તેરા | ૬૩ |
| ૧-૩-૨૧ | કોચીન | શૈલેષ લહેરચંદ લોડાયા | નલિયા | ૪૮ |
| ૩-૩-૨૧ | ડોંબીવલી | ભવાનજી પૂનશી વેરશી વોરા | રંગપૂર | ૮૮ |
| ૪-૩-૨૧ | ડોંબીવલી | દક્ષાબેન નારાણજી લખમશી ખોના | વરાડીયા | ૪૮ |
| ૪-૩-૨૧ | જલગામ | શાંતીલાલ હિરજી લાપસીયા | સુથરી | ૮૩ |
| ૫-૩-૨૧ | હૈદરાબાદ | સુશીલાબેન દેવચંદ ત્રિકમજી લાપસીયા | દલતૂંગી | ૭૨ |
| ૬-૩-૨૧ | મુલુંડ | મધુરીબાઈ લધૂભાઈ અરજણ લોડાયા | સાંયરા | ૮૫ |
| ૬-૩-૨૧ | રાયપૂર | કેવલ તરૂણ શીવજી લોડાયા | મોટી સિંધોડી | ૩૦ |
| ૭-૩-૨૧ | મસ્જીદ બંદર | તારામતી વિનોદ મેઘજી ધરમશી | મંજલ | ૮૨ |
| ૮-૩-૨૧ | મુલુંડ | માનબાઈ નેણશી હિરજી વિકમશી | જખૌ | ૯૯ |
| ૯-૩-૨૧ | મુલુંડ | પ્રિયાબેન વિનોદ વિશનજી મોમાયા | વરાડીયા | ૬૯ |
| ૯-૩-૨૧ | વાપી | રેખાબેન ગીરીશ પ્રતાપસિંહ લોડાયા | રવા | ૬૫ |
| ૧૨-૩-૨૧ | ગાંધીધામ | પ્રફુલ ધનજી મૈશેરી (પીપરમીન્ટવાલા) | સાંધાણ | ૬૯ |
| ૧૩-૩-૨૧ | તીરૂપૂર | રોહિત રાયચંદ મોમાયા | વરાડીયા | ૫૨ |
| ૧૫-૩-૨૧ | ભોપાલ | વિજય લખમશી દંડ (પટેલ) | સાંધવ | ૬૧ |
| ૧૫-૩-૨૧ | ભાંડૂપ | ડાયમંડ દામજી મૈશેરી | બાંઢીયા | ૭૭ |

# BUSINESS CARDS

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



After few days of my transfer to Mumbai, my late high net worth uncle, whom I respect a lot, requested me to join him in a visit to the office of his known CA for some consultation. He sent his business card and we waited for more than 10 minutes. He was yet to be called. Then I sent my card. The arrogant CA came rushing out of his chamber to recieve me. There was no one in his room. His table was totally clean. My uncle could make out that the CA just pretended to be busy. Show off. He talked few things other than the topic he wanted. We came out in few minutes. Uncle blacklisted his name once and for all from his diary.

There can be many such stories on business cards. However, the limited purpose of this article is different.

In the outside world inspite of the inroads of Digital technology, business cards still remain effective direct marketing tools. They are the first impression of your brand. Many personal meetings are sealed with a handsake and exchange of business cards. They add and elevate personal touch. Creative cards create the first impression of your brand.

Will these business cards have any value with God? Will He recognise your position, power or prosperity written on it? Will your social status get you any extra privilege with Him over other devotees?

Such cards may work with the trustees or managers of a temple; but none of these and other qualifications will work in His court.

I remember an often cited quote of Jesus Christ. "A camel may go through the eye of a needle, but a rich man will never enter the Kingdom of God." It is futile to try to enter His Kingdom holding on to once materialistic status. Greater the labels, more cluttered is the mind. Consequently, you are further from silence; and in turn you are further from Him. So when you go to a temple, drop all your labels and identities- just go there empty handed. To enter His Kingdom is to become spiritually bare as you can not hide anything and the total business of life of yours is encrypted as it was lived.

This is the paradox of the utility of business cards for the outside world and the inside world.

Labels are needed for materialistic growth. Without them you cannot grow in the outside and with them you cannot go in the inside world. You need to GROW outside but have also to GO inside. Communication is the ticket to the world outside and silence is the key to the gate within. "When ONE becomes MANY it is materialistic growth. When MANY becomes ONE and when that ONE becomes NONE, it is spiritual growth."

The journey outside is emergence and within is convergence. Outside is all about GATHERING and inside is all about DROPPING. Wonder at the paradoxes and enjoy both journeys... attain the heights of materialism and also reach the depths of spirituality. You have to cultivate a judicious balance.

If we want the best FROM life, you got to give your best TO life. But how to sychronise these two contradictory approaches. May be for this we have to follow the path shown by our ancient evolved souls, viz. Live like a lotus flower. Blossom fully under the open skies, representing outside. but remain rooted in the water, representing Inside. Practice DETACHED ATTACHMENT.

Education Square

# Educational Golden Investments



- CA Shri Ramesh Devji Khona - Sandhav (Thane)

Please read the below information about Actuary Exam:

1. Actuary exam is the exam of a person who compiles and analyses statistics and uses them to calculate insurance risks and premiums. It is more difficult than CA exam therefore only 450 students are qualified in the whole India. Either they are in practice or in jobs with Insurance companies. In Actuary exam, Institute of Actuary of India, the girl namely Tanvi Milan Doshi from Ghatkopar got first rank in Nov 2020 exam and also passed Actuary exam in July 2020 of London Institute and she passed SSC exam and B.Com exam with first rank.

2. I suggest to SPS Trust to arrange a seminar on Actuary course which is not familiar to many students.

3. In Nov 2020 IPCC exam of CA course in which garage mechanic daughter Miss Zarina Khan of Mumbra area, stood first in IPCC exam without any classes because of weak financial conditions and staying in small room of 100 sq.ft. She has been bright in study since childhood.

4. In our community last year in CA Final results only 10 to 12 girls had clear CA final exams whereas only 4 to 5 boys had clear CA final exams. In CA course girl's ratio is 30% whereas boy's ratio is 70% hence girls are showing better results than boys. It appears that boys are not devoting regular time for study before exams and devoting more time in use of mobile.

5. Miss Tanya Balsara, the blind girl staying at Jogeshwari studies sociology in Xavier college of Mumbai and she has taken computer training in the same college. Now she is conducting computer coaching classes for blind persons and there are 11 students studying the same course from her.

6. From the above examples if you desire to achieve any goal then you can achieve a goal for which person has to work hard. One should concentrate on goals like Arjun of Mahabharat. He had concentrated on the eye of the bird to shoot and he had achieved goal.

7. In the book of CourtRoom published by Bombay Chartered Accountant on Dr. N.A.Palkhivala, Senior Advocate, I want to share one example , his schedule of working was busy. In one matter, he called his client at 4.00 Am in the morning in his office and he had called his stano at the same time. His argument & submission was typed and the matter was heard in Delhi High Court, he got a decision in favour of his client. It is a lesson for all professionals to devote time for clients sincerely to achieve their goals.

8. It is good practice to help one needy person daily without caste, creed & religion and without consideration which will help the person in the long term and as it is my experience.

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો–પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

# Tirths - For Our Spiritual Transcendence



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

"We were on our way, travelling by road to Nageshwar and lost our way. A person appeared from nowhere, guided us and vanished before we could even thank him."

"The moment I entered the Shantinath Prabhu's temple in Bhopavar, I could feel all my anger melting away in an instant and my mind experienced calmness I had never felt before"

Many of us have had similar experiences. We have known, seen and gone on Tirth Yatras with our elders since our childhood. We have also heard of or even experienced miracles during or after undertaking a Tirth Yatra.

Each of our Tirths has some magical, mystical mystery which is quite interesting, inspiring as well as intriguing. The Ami Jarna (holy water), sandalwood dust rain, saffron water oozing out of idols and temple walls are known phenomena even today. The presence of serpants in and around many Parshwnath temples too is a common sight.

What is a Tirth ? How do Tirth Yatras help us?

Tirth is a Sanskrit word that means "crossing place or ford", and refers to any place or person that is holy. Jainism refers to two types of Tirths, Sthawar ( pilgrimage sites) and Jangam ( 4 sections of the sangha) which comprises of Sadhus, Sadhvis, Shravaks and Shravikas. Tirths

help us have a smooth transition through this world to the ultimate moksh. In this article, we shall get to know a bit about Sthawar (stationary) Tirths. Stamped by the divine holy feet of our Tirthankars, who are founders of Tirths, they are associated with the conception, birth, initiation, enlightenment or nirvāṇa of Tirthankars. They resonate the immortal stories of our Tirthankars. If our temples are power generators of purity, our Tirths are powerhouses of purity! It is said that they are the holiest of holy places! The vibes in our Tirths are so strong that not only one's sins are removed easily but merits too are gained more easily. Karmic effects, both positive and negative become very strong at these places.

Our Shahswat( Eternal) Tirth Shatrunjay ( Palitana), is from times immemorial and will be there till times immemorial. It is said that as many stones on this mountain, so many souls have become siddhas here. The purity and piousness in each and every atom in this holy Tirth is beyond our imagination.

Ashtapad, where Adinath Bhagwan attained Nirvan, is considered to be the holiest. Ashtapad literally means eight steps which could be either eight giant steps to ascend the mountain or a chain of eight mountain peaks. Some researchers believe it to be somewhere near Kailash Mansarovar while other surveys indicate that it is located in Sichuan Province in South West China near the Tibetan border and that it is filled with immense natural beauty. However, though there are numerous theories surrounding it , the exact location of Ashtapad, our 'Lost Tirth'is not yet known to us. Also, Samet Shikhar, where 20 of our present 24 Tirthankars attained Moksh, Girnar ( Neminath Bhagwan's Nirvan place) and Abu are considered to be equally holy Tirths. Temples more than 100 years old with pran pratishthit idols too qualify as Tirths.

A Tirth Yatra , whether going on the pilgrimage physically or worshiping in front of its picture (Bhaav Yatra), both are given significance. Wishes made at such holy places get fulfilled. Mental ,Physical and worldly troubles of the devotees vanish and for many, Tirth Yatras have become a life changing experience .

Our mind is full with eagerness and an unexplainable elated feeling fills our very being as we sing the glory of Arihant

" I have come from far far ,

let me have the privilege of your Divine glimpse"

◆ ◆ ◆

# વહાણ બાંધકામમાં વિશ્વવ્યાપી નામના - માંડવી

કચ્છમાં સદીઓ પુરાણી જગમશહૂર વહાણ બાંધવાની કળા-કામગીરી-કસબ થકી વિવિધ દેશોમાં તેની ગૌરવભેર માંગ વધી રહી છે. વહાણવટા ઉદ્યોગ અપૂર્વ મંદીને પરિણામે હાલમાં અસ્તિત્વ માટે જઝુમી રહ્યો છે. પરંપરાગત રીતે પંકાયેલી દરિયાઈ સાહસિકોની જ્ઞાતિઓ વૈકલ્પિક વ્યવસાયો તરફ સરકતી ગઈ છે તો બીજી બાજુ પાંચ-સાત દાયકાઓથી અહીંના ભડાલા જમાતના સાગરખેડુઓ, સાહસિકોએ વહાણની માલિકીમાં અગ્રસ્થાન મેળવ્યું છે. આ વચ્ચે અહીં તવારીખ અંકિત થતી હોય તેમ ૧૬૬ ફૂટ લાબું પઠાણ ધરાવતું વહાણ નિર્માણધીન હોવાનું જાણવા મળ્યું છે. દુબઇના મોટા ગજાના સાહસિક પરિવારે અંદાજે સાતેક કરોડના ખર્ચવાળું વહાણ બનાવવા માટે માંડવી ઉપર પસંદગી ઉતારી છે.

''માંડવી'' શબ્દ કાને પડે એટલે મહેરામણના મોજાઓનો ઘૂઘવાટ, દરિયાઈ લહેરો ઉપર તરતા વહાણો, આંખોમાં તરવરે... પ્રોષિત ભતૃકાની અદાએ સાગરને મળવા લાંબી થતી સરિતા રૂકમાવતી કાંઠે વિસામો ખાતા અને નવા બંધાઈ રહેતાં વહાણોના દશ્યો ડોકાય. દરિયાઈ વેપારનો વારસો અહીંની આગવી તાસીર અને તસ્વીર મનાય છે. ખારવા અને ભડાલા કોમનાં વહાણવટીઓ-સાગરખેડુઓ સાત સમુદ્રની ખેપ ખેડતા, વીતેલા અતીતમાં વહાણ માલિકીમાં ભાટિયા, લોહાણા, ખોજા ઉપરાંત ખારવા, વહોરા, વણિક જ્ઞાતિઓ અગ્રેસર મનાતી. હવે ઉક્ત કોમોમાંથી લોહાણામાં મણિયાર પરિવાર જેવા વેઢે ગણાય તેટલા નામો મળે. વણિક જ્ઞાતિના વહાણ માલિકોમાં ક.દ.ઓ.સમાજનો એક સમયે ડંકો હતો જેમાં શેઠ માણેકજી પદમશી મૈશેરી, શેઠ જીવરાજ ખીયશી મૈશેરી, શેઠ ભવાનજી કાનજી મોમાયા, શેઠ રાયચંદ કુંવરજી મૈશેરી વગેરે તેમજ ક.વી.ઓ.સમાજના શેઠ કલ્યાણજી ધનજી, શેઠ જીવરાજ પુંજા, વગેરે જેવા મોટા ગજાના સાહસિકોના વહાણો હવે ભૂતકાળ બની ગયા છે. ભડાલા, અગરીયાના નામે મોટા ભાગના વહાણોની માલિકી જોવા મળે છે. વાઘેર વહાણવટીઓ હવે મહદઅંશે માછીમારીના વ્યવસાય તરફ વળી ગયા છે. સ્ટીમર યુગમાં પરંપરાગત દેશી વહાણવટાને ગળે ટુંપો દેવા જેવી દશા સર્જાઈ હોવાથી અસ્તિત્વ સામે અપૂર્વ પડકાર હોવાના બળાપાઓ સાગર સાહસિકોમાંથી સંભળાઈ રહ્યા છે. વ્યવસાયિક મંદી સાથે નવા વહાણ બનાવવા કે ખરીદવા માટે ગાણિતિક કોઠા બદલાઈ જવાથી અહીંની ખારવા જ્ઞાતિમાં એકલ-દોકલ પરિવાર વહાણની માલિકી ધરાવે છે. અગાઉ પવન પર આધારિત 'કોટિયા' બનતા, ચલણમાં હતા. સામાન્ય રીતે કોટિયાની વહન ક્ષમતા ૫૦-૧૦૦ ટનની આસપાસ રહેતી. યંત્રોના આગમન સાથે સઢવાળા વહાણોનું મહત્વ ઘટતું ગયું અને વહાણ બાંધણીમાં પરિવર્તન આવ્યું.









અનુસંધાન પાના નં. ૨૪

# વ્યક્તિ એક... પ્રવૃત્તિ અનેક

ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રી અમરસિંહ ચૌધરી, કોંગ્રેસના મોટા ગજાના રાજકારણી સુશીલકુમાર શિંદે, એક્ટર અસરાની અને હેમરાજ વીરમ શાહને સાંકળતી એક કોમન કડી કઇ?

જવાબ : આ સૌનો જન્મ ૧૯૪૧ માં થયો. હેમરાજભાઇનો જન્મ કચ્છના વાગડ પ્રદેશના સામખિયારીમાં. વધુ અભ્યાસાર્થે કચ્છથી મુંબઇ આવીને એમણે સાડા ચાર દાયકા કરતાં વધુ સમયથી અનેકવિધ પ્રવૃત્તિ કરી. એમાંની થોડીક પર એક નજર :



હેમરાજ શાહ

ગુજરાતીઓની વિવિધ જ્ઞાતિનાં મંડળ ભેગાં થાય તો સરકારમાં કાંઇ ગજ વાગે એવા હેતુથી હેમરાજભાઇએ ૩૦ ડિસેમ્બર, ૧૯૮૫ના રોજ બૃહદ મુંબઇ ગુજરાતી સમાજની સ્થાપના કરી. સ્થાપના બાદ એમણે એક પછી એક કાર્ય કરવા માંડ્યાં: ટીવી-ફિલ્મોમાં નોંધપાત્ર યોગદાન આપનારા ગુજરાતી કલાકારો તથા મુંબઇના આગેવાન ઉદ્યોગપતિઓનાં સન્માનથી લઇને ગુજરાતીઓની વિવિધ સમસ્યા-પ્રશ્નોની રાજ્યકર્તા આગળ અસરકારક રજૂઆત અને એનાં સમાધાન.

૧૯૯૦ના દાયકાની વાત. મહારાષ્ટ્રમાં હિંદી-ઉર્દૂ-સિંધીની સાહિત્ય એકેડેમી હોય એને સરકારનાં અનુદાન મળે તે ગુજરાતીઓની સાહિત્ય એકેડેમી કેમ નહીં? આ સવાલ હેમરાજભાઇને અકળાવતો. છેવટે આઠ વર્ષના પરિશ્રમ બાદ એમણે ૧૯૯૮માં મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય એકેડેમીની સ્થાપના કરી એના નેજા હેઠળ કંઇકિટલીય સાહિત્યિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિ આદરી, જેમ કે મહારાષ્ટ્રમાં રહીને માતૃભાષામાં સર્જન કરતા લેખક-કવિને પોતાનાં પુસ્તક પ્રકાશિત કરવામાં રોકડ સહાયથી લઇને લેખક-પત્રકારોને એવોર્ડ્સ, ગિરનાર એવોર્ડ્સ વગેરે. બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ વતી હેમરાજભાઇ નિબંધથી માંડી નવલકથા લેખન માટે નિયમિત સ્પર્ધા યોજે છે. સાહિત્યપ્રસાર માટે ઇત્તર પ્રવૃત્તિ પણ કરતા રહે છે.

૨૭ ફેબ્રુઆરીના કવિ કુસુમાગ્રજનો જન્મદિવસ મરાઠી ભાષા દિવસ તરીકે યોજાય છે. તે પ્રમાણે કવિ નર્મદનો જન્મદિવસ-૨૪ ઓગસ્ટના ગુજરાતી ભાષા દિવસ ઉજવવાનું હેમરાજ શાહના પ્રયાસથી નક્કી કરવામાં આવ્યો અને તે વિશ્વમાં ગુજરાતીઓ ગુજરાતી ભાષા દિવસ ઉજવે છે.

એ પછી એમણે એક ભગીરથ કાર્ય હાથમાં લીધું. ભારતનાં લગભગ દરેક મોટાં શહેરોમાં વિવિધ ગુજરાતી સમાજનાં ભવન હોય છે, જ્યાં બીજાં શહેરમાંથી આવતા ગુજરાતીઓને રહેવા મળે. હેમરાજભાઇને આવું એક ગુજરાતી સમાજ ભવન મુંબઇમાં ઊભું કરવું હતું, પણ મુંબઇ જેવા શહેરમાં જમીન મેળવી ભવન બાંધવું સહેલું નહોતું. પણ હેમરાજભાઇએ એ કરી બતાવ્યું. મુંબઇમાં અંધેરીના લોખંડવાલા વિસ્તારમાં આશરે ૩૭,૦૦૦ ચોરસફૂટમાં ફેલાયેલું સાત માળનું અદ્યતન ગુજરાતી ભવન...એરકન્ડિશન્ડ રૂમ્સ, સાથે ચા-નાસ્તાની સગવડ. બહારગામથી આવતો ગુજરાતી ફોન કરીને રૂમ બુક કરાવી શકે. એક નાનકડો સભાખંડ. અલબત્ત, આ માટે નિયત કરવામાં આવેલું ભાડું લેવામાં આવે છે... આ ઉપરાંત એમણે ગુજરાતી સમાજની સરકારી લાભોથી વંચિત એવી અમુક જાતિ-જનજાતિનો જે-તે કેટેગરીમાં સમાવેશ કરાવી એમને બીજી જાતિને મળતા લાભ અપાવ્યા.

આવી અનેકવિધ પ્રવૃત્તિ આ એક જીવનકાળમાં કરનારા હેમરાજભાઇ બાવીસ માર્ચે આયુનાં ૮૦ વર્ષ પૂરાં કરી ૮૧માં વર્ષમાં પ્રવેશ કરશે.

આંકે જન્મડીવસ જી ઘણી વધામણી.

**બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના અગ્રણી, કર્મઠ સમાજ સેવક તથા સેવાભાવી સજ્જન શ્રી હેમરાજભાઈ શાહને ઉમરના ૮૦ વર્ષની પરિપૂર્ણતા પ્રસંગે પ્રકાશ સમીક્ષા તરફથી હાર્દિક અભિનંદન તથા તંદુરસ્ત દિર્ઘાયુષ્યની**

|| શ્રી ચક્રેશ્વરી માતાય નમ: ||   || શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમ: ||   || શ્રી મહાકાલી માતાય નમ: ||

# શ્રી સુથરી જૈન સંઘ

## ૧૮૩ મી ધ્વજા પ્રસંગે

### અઢાર અભિષેક તથા સાધર્મિક ભક્તિના નકરા

**સુજ્ઞ શ્રી સુથરીવાસી ભાઈઓ તથા નિયાણી બહેનો સહ પરિવાર જય જિનેન્દ્ર**

શ્રી સુથરી તીર્થની ૧૮૩મી વર્ષગાંઠ પ્રસંગે મોકલાવેલ આમંત્રણ - જાહેરાતથી માહિતગાર હશો. તે પ્રસંગે મહાલવા પ્રયત્નશીલ હશો. જેઓએ વેળાસર નામ નોંધાવેલ છે તેમનો આભાર અને જેમણે નામ નથી નોંધાવેલ તેઓ સર્વેને વિનંતી. જલ્દીથી ટિકિટ કઢાવી તમારી હાજરીની નોંધ જણાવો. વળી પ્રસંગે લગભગ ૨૫૦ જણાની હાજરી વચ્ચે મહાલવાનો મોકો છે માટે જલ્દી કરો....

જિનશાસન જે પાયા પર અડીખમ ઉભો છે. તેના બે પાયા એટલે જિન-ભક્તિ સાધર્મિક ભક્તિ. આ બે પાયા માટે આપ સર્વે સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

**૧. અઢાર અભિષેક નો લાભ / ૨. સાધર્મિક ભક્તિનો લાભ**

## સાધર્મિક ભક્તિ (અંદાજીત ૨૫૦ જણાની સંખ્યા)

| | | |
|---|---|---|
| તા. ૧૭.૦૫.૨૦૨૧ થી તા. ૧૯.૦૫.૨૦૨૧ | નવકારશીનો એક દિવસનો નકરો | રૂા. ૧૧૦૦૦/- |
| તા. ૧૭.૦૫.૨૦૨૧ અને તા. ૧૮.૦૫.૨૦૨૧ | બપોરનો જમણનો એક દિવસનો નકરો | રૂા. ૨૫૦૦૦/- |
| તા. ૧૭.૦૫.૨૦૨૧ થી તા. ૧૯.૦૫.૨૦૨૧ | ચૌવિહારનો એક દિવસનો નકરો | રૂા. ૧૫૦૦૦/- |

તા. ૧૯.૦૫.૨૦૨૧ દાદાના જિનાલયની વર્ષગાંઠના દિવસે સંઘ તરફથી જમણ રાખવામાં આવશે.
જેનો નકરો રૂા.૧૦૦૧/- (એક આની) આની ફોડ.
જેનો લાભ દરેક ભાગ્યશાળી, ગામવાસીઓ તથા નિયાણી પરિવારોએ લેવા વિનંતી

૧. મુળનાયક શ્રી ઘૃતકલ્લોલ દાદાના અભિષેક માટે ઉછામણી દ્વારા ચડાવા બોલવામાં આવશે.
જે તા. ૧૭/૦૫/૨૦૨૧ ના દિવસે સુથરી મુકામે દાદાના દરબારે (સમય પાછળથી જાહેર કરાશે.)

## અઢાર અભિષેક સહ ધ્વજાના નકરા

૨. શ્રી અજીતનાથજી (પ્રાચીન) - રૂા.૧૧૦૦૦/-
૩. શ્રી અજીતનાથજી (નુતન) - રૂા.૧૧૦૦૦/-
૪. શ્રી આદિનાથજી - રૂા.૧૧૦૦૦/-
૪(અ). શ્રી શાંતિનાથજી - રૂા.૫૦૦૦/-
૪(બ). શ્રી ધર્મનાથજી - રૂા.૫૦૦૦/-
૭. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી - રૂા.૧૧૦૦૦/-
૮. સહસ્ત્ર ફુટ મંદિર - રૂા.૫૦૦૦/-
૯. શ્રી દાદાવાડી ત્રણ દેરી - રૂા.૩૦૦૦/-
૧૦. શ્રી ચક્રેશ્વરીદેવી ફુલીકા - રૂા.૫૦૦૦/-
૧૧. શ્રી મહાકાલી દેવી ફુલીકા - રૂા.૫૦૦૦/-
૫. શ્રી ચૌમુખજી અઢાર અભિષેક સહ જ્ઞાન ભંડાર અને સરસ્વતી દેવી મંદીરની ધ્વજાનો નકરો રૂા.૫૦૦૦/-
૬. શ્રી કુંથુનાથજી પાંચ દેરી - દરેક દેરીના અઢાર અભિષેક સહ ધ્વજાનો લાભ રૂા.૩૦૦૦/- x ૫

**રેલ્વે સ્લીપરક્લાસ ટિકીટના દાતા - માતુશ્રી હિરાબાઈ હંસરાજ મોમાયા પરિવાર**

નિયમ : (૧) જો કોઈ અભિષેક માટે એક થી વધારે ભાગ્યશાળીઓ હશે તો તેની ઉછામણી કરવામાં આવશે. અથવા તો આપસમાં સમજુતી કરી શકાશે. (૨) આ ત્રિહાનીકા મહોત્સવનું આયોજન સમય અને સંજોગો આધિન હશે અને સરકારી આદેશને નજર સામે રાખી યોજાશે. જેની નોંધ લેવા વિનંતી.

લિ. શ્રી સુથરી જૈન સંઘ

સંપર્ક : કિર્તીભાઈ લોડાયા : ૯૮૩૩૧૫૨૬૯૫
ખુશાલભાઈ શાહ : ૮૦૯૭૬૭૯૦૦૬
રમેશભાઈ લોડાયા : ૯૮૯૨૦૦૩૯૪૦
જીગ્નેશભાઈ છેડા : ૯૭૨૬૨૧૩૮૨૭
સુથરી જૈન સંઘ : ૦૨૮૩૧-૨૮૪૨૨૩

Vinay Graphics 9821070420

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| | |
|---|---|
| If undelivered, please return to :<br>**C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | To, |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**